
અધ્યાત્મ
વર્ષ : ૨૨
જૂન - ૨૦૦૧
અંક : ૯
યોગેશ લાડ

## * ઈશ્વરનું આકર્ષણ મંગલકારક *

મમતાની નિવૃત્તિની વાત આત્મવિકાસના માર્ગમાં ખૂબ જ સાચી ઠરે છે. એ માર્ગે પ્રયાણ કરનાર સાધક રાગ કે દ્વેષથી પર થઇ જાય છે. ઈશ્વર વિના બીજી કોઇ યે વસ્તુ કે વ્યક્તિને તે કાયમ માટે વાસનાની ગાંઠ બાંધીને વળગી નથી રહેતો. ઈશ્વરની ઇચ્છા કે યોજના પ્રમાણે વિવિધ વ્યક્તિને વસ્તુના સમાગમમાં આવવાનું બને છે ને સમય પર તે વ્યક્તિ કે વસ્તુથી વિખૂટા પડવું પડે છે એમ માનીને બધી દશામાં તે મનની સ્થિરતા જાળવી રાખી શકે છે ને વધારે ને વધારે ઈશ્વરપરાયણ બને છે. આ જીવન કાંઇ પહેલું ને છેલ્લું જીવન નથી. ચાલુ જીવન તો અનંત જીવનનો અંકોડો માત્ર છે. તે પહેલો, વચલો કે છેલ્લો અથવા તો ગમે તેવો હોઇ શકે. આજ સુધી કેટકેટલાં જીવન પસાર થઇ ગયાં તેની કોને ખબર છે? તે દરમિયાન માણસે કયા કયા સંબંધો બાંધ્યા ને કેવા કેવા મકાનોમાં વસવાટ કર્યો તેનો હિસાબ કોની પાસે છે? આ જીવનમાં બધાયે આગલા જીવન-ની વિસ્મૃતિ થઇ ગઇ છે ને તેની મમતા ને આસક્તિનો પણ અંત આવ્યો છે. તે પ્રમાણે આ જીવનની વસ્તુ ને વ્યક્તિનું પણ સમજી લેવાનું છે. તેમાં મમતા ને આસક્તિ કરવી નિરર્થક છે. આત્મવિકાસને વરી ચૂકેલા સાધકને માટે એ વાત વધારે સાચી ઠરે છે ને સહજ બને છે. એક ઈશ્વરનું આકર્ષણ અને એક ઈશ્વરની જ મમતા માણસને માટે મંગલકારક છે.

યોગેશ્વરજી


# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫-૦૦

વિદેશમાં રૂા. ૨૫૦-૦૦ (વિમાનથી)

⊗ **સંસ્થાપક :** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).

⊗ **તંત્રી-સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.

⊗ **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર-૧.

⊗ **અધ્યાત્મના સહાયક સ્વજનો :** ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોર-ધનભાઇ કલોલા અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી.

⊗ **તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની. ફોન : **૫૬૫૮૧૧**

⊗ **મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪સી-૧, બોરડીગેટ, ભાવનગર-૧. ફોન : **૫૧૬૫૫૧**


### લેખકોને નિમંત્રણ

⊗ અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમં-ત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે. ⊗ લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

⊗ ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો. ⊗ 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો. ⊗ 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે. ⊗ પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે. ⊗ 'અધ્યાત્મ'અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે. ⊗ દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| અભિનંદનીય સહાય | તંત્રી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| ફૂલવાડી ૨૦૦૧ ને આશીર્વચન ધરતો પૂ. શ્રી માનો હેતપત્ર | — | ૯ |
| સ્વર્ગનાં સુમનો, સુમનો સ્વર્ગારોહણનાં | — | ૧૨ |
| બાળરાજાઓનો દરબાર | સંજય પંડયા | ૨૮ |
| ફૂલવાડી ૨૦૦૧ | નિધિન પટેલ | ૩૨ |
| કઠોપનિષદ | યોગેશ્વરજી | ૩૭ |
| શિષ્યની લાપરવાહીપર સદ્‌ગુરુનો આક્રોશ | પૂ. શ્રી મોટા | ૪૯ |
| અધ્યાત્મનો અર્ક | યોગેશ્વરજી | ૫૬ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૦ |




# * અભિનંદનીય સહાય *

અધ્યાત્મ માસિકના જૂન, ૨૦૦૧ ના અંકની પ્રસિદ્ધિનો બધો ખર્ચ, પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની પ્રેરણાથી, પનામાના સત્સંગ મંડળ તરફથી આપવામાં આવી રહ્યો છે. આ સત્કાર્યમાં પનામાના શ્રી વસંતભાઇ પી. ભક્ત અને શ્રી ગુલાબબેન ભક્તનો ફાળો ઉલ્લેખનીય છે, સત્સંગ મંડળનાં જે કોઇ ભાઇબહેનોએ અધ્યાત્મને સહાય કરી છે, તે સહુ ખરે જ અભિનંદનને પાત્ર છે. મા–પ્રભુ તેઓનું સર્વ પ્રકારે મંગલ કરે એ જ પ્રાર્થના. અત્યારે તેમ જ અગાઉ પરદેશના સત્સંગપ્રેમી ભાઇબહેનો તરફથી સહાય મળેલી એટલે તો રોજ રોજ વધતા જતા ભાવો વચ્ચે પણ અધ્યાત્મ છેલ્લાં ૨૧ વર્ષોથી આટલા સામાન્ય લવાજમના દરે વાંચકોને આપી શક્યા છીએ. આથી સહાય કરનાર સહુના અમે આભારી છીએ.

— તંત્રી

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૨૨ જૂન–૨૦૦૧ અંક : ૯


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૨૪/૮/૮૧ સોમવાર, શ્રાવણ વદ દશમ, ૨૦૩૭**

**સ્થળ : શ્રી હિન્દુ મંદિર, લેસ્ટર શહેર, ઇંગ્લેન્ડ**

સ્નાન, વ્યાયામ, ગીતાપાઠ, દૂધ પીવું ને લેખનકાર્ય બધું જ કાર્ય નિયમિત રીતે થઇ ગયું.

ગઇકાલે આખો દિવસ સૂર્યપ્રકાશ મળ્યો. આખો દિવસ સૂર્યપ્રકાશ રહે એવા દશબાર દિવસો જ આ દેશમાં આવે છે.

ઉત્તરદક્ષિણ ૬૦૦ ને પૂર્વપશ્ચિમ ૨૦૦ માઇલ ઇંગ્લેન્ડનો વિસ્તાર. ઇંગ્લેન્ડથી ભારત મોટરમાર્ગે પણ ઘણાં યુવાનો સાહસ કરીને જનારા નીકળે છે.

અહીંથી મોટરમાર્ગે સ્વીઝર્લેન્ડ, જર્મની પણ જવાય છે. અહીં મકાનોનાં ભાડાં ત્રણ રૂમના ફ્લેટના એક અઠવાડિયાના તેત્રીસ



પાઉન્ડ છે. જૂના મકાનો એક અઠવાડિયાના નવ પાઉન્ડ ભાડા પણ છે. મકાનો ખરીદવાની કિંમત તો હજારો પાઉન્ડ જ છે. અહીં પણ મોંઘવારી વધી રહી છે. પહેલાં દૂધના પેકેટ પાંચ કે આઠ પેન્સમાં મળતાં, હવે તે વીસ પેન્સનું એક પેકેટ મળે છે. દરેક વસ્તુ મોંઘી થતી જાય છે.

વિદેશની ધરતી ઉપર સત્તરમો દિવસ છે. પણ જાણે ભારતથી વર્ષો થઇ ગયાં ને છૂટા પડયા હોય એવું કોઇકવાર લાગે છે.

સાડા અગિયારે લેખન પૂરું થયું. નીચેના વિભાગમાં જવાનું બન્યું. નીચેના ભાગમાં રહેનાર પૂજારી ઘણું ખરું મંદિરમાં ફરજ ઉપર જ હોય છે. જેથી નીચેના ઓરડામાં મુલાકાત શરૂ થાય છે.

એક બેન પૂ. શ્રીને કપડાં આપવા માગે છે. પૂ. શ્રીએ કહ્યું, "હું તો ખાદી જ પહેરું છું ને હું જાતે જ તે ખરીદું છું. પૂરતાં કપડાં લઇને આવ્યો છું."

શ્રી દ્વારિકાદાસ પણ બેઠા છે. તેમણે પૂ. શ્રીને કહ્યું:—મારે આપને માટે ગરમ કપડાં અને મા સર્વેશ્વરી માટે છ–સાત સાડી ને સ્વેટર લાવવાનો વિચાર છે.

સર્વેશ્વરી : મારી પાસે પૂરતાં કપડાં છે. જરૂરસિવાય શા માટે લેવું ?

પૂ. શ્રી : સર્વેશ્વરીની એ વાત મને ગમે છે. ત્યાગમય જીવનમાં વધુ પરિગ્રહ શા માટે ? એમની એ રીતભાત મને ગમે છે.

શ્રી દ્વારિકાદાસ : પણ હું હમણાં ભારત ગયેલો ત્યારે માતાજી માટે, પૂનાના ઇન્દિરાદેવી માટે, ભગવતીદેવી માટે સાડીઓ લઇ ગયેલો. એ રીતે સર્વેશ્વરીને છ સરસ સાડી ને સ્વેટર આપવાની મારી ભાવના છે.

સર્વેશ્વરી : તમારો પ્રેમભાવ જ જોઇએ. મારી પાસે ઠંડીનાં પૂરતાં સ્વેટરો છે. એટલે કૃપા કરી કશું જ લાવશો નહીં.

શ્રી દ્વારિકાદાસ : આપ ટિકિટનું શું કરો છો?

પૂ. શ્રી : અમે અમારા પૈસે આવીએ છીએ. ટિકિટ મોકલવાનું કોઇને કહીએ જેથી સરળતા રહે. પણ તે ટિકિટના પૈસા પ્રભુ-કૃપાથી અમને વણમાગ્યે પ્રવચનો દરમ્યાન મળી રહે ને જેમણે ટિકિટ મોકલી હોય તેને ટિકિટના પૈસા આપી દઇએ છીએ.

શ્રી દ્વારિકાદાસ : મને હમણાં હમણાં એ જ વિચારો આવ્યા કરે છે કે ટિકિટની સેવા કરીએ અને સંતોના ઉતારા માટે કોઇ સ્વતંત્ર મકાન લઇએ. સંતોની સેવા તો કરજ દેવું કરીને પણ કરવી જોઇએ, એમ હું માનું છું. મારી પાસે પૈસા ટકતા નથી. આવા કામોમાં વપરાયા કરે છે.

પૂ. શ્રી : લોકો ખોટે રસ્તે વ્યસનોમાં પૈસા વેડફે છે, તો તમારું ધન તો સંતોની સેવા માટે, બીજા સત્કર્મ માટે વપરાય છે, તે સારું જ છે.

પણ તમને ટિકિટના જે વિચારો આવે છે તે મને પસંદ નથી. પ્રભુકૃપાથી અમને તે રકમ મળી રહે છે. કોઇ એક વ્યક્તિ ટિકિટનો ખર્ચ ઉપાડે તે મને યોગ્ય લાગતું નથી. તમારી ભાવના માટે ધન્યવાદ. તમે દેશ જવાના? નક્કી થઇ ગયું?

શ્રી દ્વારિકાદાસ : હા. મેં જવાનું નક્કી જ કર્યું છે. મારે ત્યાં જે સત્પુરુષ ઉતર્યા છે. એમણે કહ્યું કે હું એકલો જઇ શકીશ પણ જ્યારે હું તેમને લેવા માટે ભારત ગયેલો ત્યારે મેં ત્યાં કહેલું કે હું મૂકવા પણ આવીશ. તેમણે પણ ત્યાં એ વાત જાહેર કરેલી ને હવે મને તેઓ ના પાડે છે.



પૂ. શ્રી : હવે તેઓ જઇ શકતા હોય તો પછી તમારે તેમને મૂકવા ભારત જવાની જરૂર નથી.

શ્રી દ્વારિકાદાસ : તમે પણ મારા મનની કસોટી કરવા એવું કહો છો. તમે પણ લીલા કરો છો. સંતો એકવાર જે કહે તે આપણે કરવું જ જોઇએ ને? પણ ગુરુજી તમારા આશીર્વાદ વિના મારાથી ભારત જવાશે નહીં. તમે મને આશીર્વાદ આપો કે હું જઇ શકું.

પૂ. શ્રી કોઇ જવાબ આપતા નથી. શાંતિથી બેઠા છે. સર્વેશ્વરીને શ્રી દ્વારિકાદાસની શ્રદ્ધા, ભક્તિ ને ભાવના જોઇ આશ્ચર્ય થાય છે, વિદેશમાં વસીને પણ આવી શ્રદ્ધાભક્તિ કેળવવી કઠિન છે. એમનાં બાળકો, પત્નીમાં પણ સંતસેવા, સંતોપ્રત્યે પ્રેમ, આદર જોવા મળે છે. આખાંયે પરિવાર ધાર્મિક સંસ્કારોથી રંગાયેલો છે. ધન્ય છે એમની શ્રદ્ધાભક્તિને.

સમય થતાં સૌ વિદાય થાય છે. આજે ભોજનમાં દાળ, ભાત, શાક લેવાનું બન્યું. ભોજનબાદ થોડો આરામ કરી પૂ. શ્રી ફરીથી લેખનકાર્યમાં મગ્ન બની જાય છે. લેખનપૂર્ણ થતાં પૂ. શ્રીએ મારિચ મૃગવેશ ધારણ કરે છે તેની કાવ્યપંક્તિઓ ગાવા લાગે છે. એનું લેખન આજે જ કર્યું છે.

પૂ. શ્રીએ અત્યારસુધી દોઢવારનું જે સફેદ કપડું શરીર ઉપર વીંટેલું તે કાઢીને ધોતીયું પહેરી લે છે. બંડી પણ પહેરે છે. બંડી ઉપર સફેદ ખાદીનું લાંબી બાંયનું ખમીશ પહેરે છે. તેના ઉપર પીળી ખાદીની શાલ ઓઢી સફેદ ચંપલ પહેરી લે છે. હવે થોડી જ વારમાં મુલાકાતનો સમય થતાં પૂ. શ્રી નીચે ઉતરશે એવું લાગે છે.

ત્યાં જ બેલ સંભળાયો. પૂ. શ્રીને સર્વેશ્વરી નીચે જાય છે.

શ્રીકાન્તભાઇ ને જ્યોત્સનાબેન મળવા આવ્યાં છે. ધ્યાન ને આસનો અંગે થોડી પ્રશ્નોત્તરી થઇ. બરાબર ૭–૪૫ કલાકે પૂ. શ્રી બહાર નીકળે છે. ત્યાં જ એક ભાઇ ફૂટપાથ ઉપર જતા હતા તે ફરીને પૂ. શ્રી પાસે આવીને પ્રણામ કરીને પૂછે છે.

તે ભાઇ : આપ યોગેશ્વર છો? પ્રકાશના પંથે, ગીતાદર્શન આપનાં પુસ્તકો છે?

પૂ. શ્રી : હા.

તે ભાઇ : મેં તમારાં પુસ્તકો વાંચ્યાં છે. મારે તમારું પ્રવચન ગોઠવવું છે. આપ ક્યાંસુધી અહીં છો? આપ ક્યાં ઉતર્યા છો? આપને મળવાનો સમય શું છે?

તે ભાઇ અજાણ્યા હતા. પણ તેમની જિજ્ઞાસા ઘણી હતી ઝડપથી તેઓ પ્રશ્નો પૂછતા હતા. પૂ. શ્રીએ તે ભાઇને બધી જ વિગતો આપી ને હિન્દુમંદિરમાં પ્રવચનનો સમય થઇ ગયો હોવાથી તેમને વિદાય આપી. હું બુધવારે આપને મળવા આવીશ, એમ કહી તે ભાઇએ વિદાય લીધી.

આજે રામાયણ ઉપર સરસ પ્રવચન થયું. પૂ. શ્રીએ સરળ-ભાષામાં સચોટ વાતો કરી. પ્રવચન બાદ સર્વેશ્વરી ભજન ગવડાવે છે. સમૂહ પ્રાર્થના બાદ સૌ છૂટા પડયા.

ગાડીમાં બેસી ઉતારા ઉપર આવી ગયા. આરામ કર્યો. સર્વેશ્વરીનો રામાયણ પારાયણનો આજનો પાઠ પૂરો થઇ ગયો હોવાથી, આરામ કરવામાં સરળતા રહી.

(ક્રમશઃ)



ફૂલવાડી ૨૦૦૧ ને આશીર્વચન ધરતો

# પૂ. શ્રી માનો હેતપત્ર

ફૂલવાડીનો કાર્યક્રમ આ વરસે ધરતીકંપને લીધે બંધ રાખવા-નો હતો પણ શ્રી વિનોદિનીબેન ને સિદ્ધાર્થભાઇના આગ્રહને લીધે ફૂલવાડી કાર્યક્રમ ગોઠવાયો.

બધી જ જવાબદારી એ બંને ભાઇબેને ઉપાડી લીધી.

કેટલા બધા દિવસોથી શ્રી વિનોદિનીબેને એકલે હાથે રમત-ની, ક્રાફ્ટની, નાસ્તાની તૈયારીઓ કરી, એ તો જે મહેનત કરે તે જ જાણે કે આ ફૂલવાડી પાછળ કેટલો પરિશ્રમ ને કેવી તૈયારી કરવી પડે છે!

શ્રી સિદ્ધાર્થભાઇએ પોતાની રીતે બાળકોના ફોટાને સ્મૃતિરૂપે પ્રમાણપત્રની તૈયારી શરૂ કરી દીધી. ખૂબ સુંદર સ્મૃતિરૂપે તમને તમારા ફોટાઓ મળી ગયા તેની પાછળ શ્રી સિદ્ધાર્થભાઇની હોંશ ને મહેનત છે. સાથે સાથે દીપકભાઇએ પણ વીડીયો ને કેમેરાની સેવા આપી.

શ્રી કીર્તિબેન, શ્રી રંજનબેન કે દર્શનાબેન કે મંદાબેન કે ગાયત્રી સૌએ પોતાની રીતે સહાયક થઇને ફૂલવાડીને પોતાની માની છે.

યુવાન બાળકો તેજસ, જાગ્રત, નીલેશ કે જીમીત, ધ્રુવ કે પ્રણામી, યોગીન કે દર્શન સૌએ પણ સરસ સેવા આપી.

વિશેષતા તો એ છે કે શ્રી વિનોદિનીબેન કે સિદ્ધાર્થભાઇએ

આ ફૂલવાડીને સફળ બનાવવા જે કંઇ જરૂરી હતું તે સઘળું ખરીદવા પાછળ પૈસાની ગણત્રી કરી નથી કે નથી માગણી કરી. સતત ઉત્સાહ ને આનંદથી જાણે પોતાની સ્કૂલનો જ પોતાનો જ કાર્યક્રમ હોય તે રીતે એ બંને સેવકોએ પોતાની ઉત્તમ ફરજ બજાવી છે. તે માટે બંનેને ખૂબ ખૂબ અભિનંદન. આવા દરેક કાર્યક્રમમાં તેમનો સહયોગ મળતો રહો એવી પ્રભુને પ્રાર્થના છે.

સંસ્કૃત વિભાગ કે વિજ્ઞાનવિભાગ કે પક્ષીજગત માટે પણ તે તે સેવકોને ધન્યવાદ.

શ્રી પ્રચેતાબેન શ્રી અરુણાબેન પણ. વળી પ્રીતિબેન ને સંજયની જોડીએ પણ પોતાની રીતે સેવા આપી છે.

સૌ બાળકોએ પોતાની રીતે સરસ નાટક, નૃત્ય, ગરબા કરી બતાવ્યા. સૌને ધન્યવાદ.

પ્રથમવાર આવનારા એક બેન કહે : "ફૂલવાડીનો સર્વોત્તમ કોઇ કાર્યક્રમ હોય તો તે સંસ્કૃતનો હતો." તો મિહિરભાઇને પણ જેટલા અભિનંદન આપીયે તેટલા ઓછા છે. નાનકડાં ઉપાસનાબેને પણ ખૂબ સરસ નૃત્યનો કાર્યક્રમ આપ્યો. ધન્યવાદ. જાણે ફૂલવાડીની તે શોભા ને ગૌરવ બની ગઇ.

દિશા ને અભિ તો અમારા જાણીતાં વિશેષ પાત્રો છે.

ચિન્મય, તારક કે નિધિન પણ પોતાની રીતે વિશેષતાવાળા છે.

સૌને ખૂબ ખૂબ અભિનંદન.

---

પ્રાણાયમથી શો લાભ? પ્રાણની શુદ્ધિનો લાભ તો થાય છે જ. મનની ચંચળતા પણ મટી જાય છે. સ્થિરતા અને એકાગ્રતા પણ વધે છે. જીવન નવી સ્ફૂર્તિ, નવી તાજગી ને નવા તરવરાટથી ભરાઇ જાય છે. આરોગ્યની જાળવણીનો લાભ પણ સહેજે થઇ જાય છે પરંતુ એની સાથે એક બીજો મોટો અને મહત્ત્વનો મહામૂલ્યવાન લાભ થાય છે તે એ કે સાધકની અંદર જે અજ્ઞાનનું આવરણ છે, તે પ્રાણાયામથી દૂર થાય છે. એમ મહર્ષિ પતંજલિ કહે છે. तेन क्षीयते प्रकाशावरणम् ।

યોગેશ્વરજી

સૌજન્ય :

**YOGA & TOTAL HEALTH CENTRE**

**ડો. હિમાંશુ પાઠક,**

**શ્રી હેમીના પાઠક.**

" નિરાંત "

૩૨, દિવાળીબાગ સોસાયટી, સૂર્યપુર સોસાયટી પાછળ,

રાંદેર રોડ, સુરત–૩૯૫ ૦૦૯

ફોન : (૦૨૬૧) ૭૭૯૨૮૩

મોબાઇલ : ૯૮૨૪૦૪૩૦૩૩

E–mail :

hpathakji@yahoo.Com

# સ્વર્ગનાં સુમનો, સુમનો સ્વર્ગારોહણનાં

"ચંદ્રિએ અમૃત મોકલ્યાં રે બેન,
ફૂલડાં કટોરી ગૂંથી લાવ જગમાલણી રે,
અમૃત અંજલિમાં નહીં ઝીલું રે લોલ."

—નાન્હાલાલ.

કહેવાય છે કે, "બાળકો એ ઈશ્વરના ઉપવનનાં સુગંધિત પુષ્પો છે. અને સંતો તે પરમાત્માનું સ્વરૂપ છે. જંગમ તીર્થ છે." અહીં 'સ્વર્ગારોહણ'માં અમે પરમાત્મા અને પુષ્પોનું સામિપ્ય માણ્યું. એવો તો આનંદ ઉભરાય કે વાત ના પૂછો. જાણે નરસિંહનું વ્રજમાં શ્રીકૃષ્ણ રાસલીલા દર્શન. નિર્દોષ, નિર્મળ, નિર્વ્યાજ, પવિત્ર પ્રેમનો પરસ્પરનો સંગમ.

પૂ. શ્રી માને બાળકોથી વીંટળાયેલાં બાળકોમય બની આનંદોત્સવની ઉજાણી કરતાં જોવાં એ એક ઉત્તમ લ્હાવો છે. અમે આ જોવાને સદ્‌ભાગી બન્યાં. અહીં પૂ. શ્રી માના પ્રેમરૂપી વાદળાં પહેલાં વરસે છે અને સ્નેહસ્નાનમાં હિલ્લોળતાં આ નાના, નાના રંગબેરંગી કુસુમોનો ગડગડાટ સ્વર્ગારોહણરૂપી આકાશને ગજવી મૂકે છે. પૂ. શ્રી પ્રભુનું એક પદ યાદ આવે છે.

"પ્રેમભીની માતાએ પ્રેમભીના હાથથી પ્રેમની ગળથૂથી પાઈ."

ગયા વર્ષની જેમ આ વર્ષે પણ ફૂલવાડી ૨૦૦૧ નું આગમન 'સ્વર્ગારોહણ' તીર્થમાં થયું. ગુજરાતે અનુભવેલા ભારે ધરતીકંપની વેદનાને લીધે આ વર્ષે ફૂલવાડીનો કાર્યક્રમ મુલતવી રાખવાની દિશામાં પૂ. શ્રી મા હતાં. પરંતુ પ્રભુનાં પ્રિય નિર્દોષ



ભૂલકાઓના અંતઃકરણની પ્રાર્થના સાચે જ માએ સાંભળી લીધી. તેમ શ્રી સિદ્ધાર્થભાઇ અને વિનોદિનીબેનના ઉત્સાહ અને આગ્રહથી પાંચ દિવસની ફૂલવાડી શિબિર સાકાર બની. [તા. ૬/૫/૨૦૦૧ થી ૧૦/૫/૨૦૦૧ સુધી]

પાંચ દિવસના ભરચક કાર્યક્રમમાં અમે પરમાત્માના પરમ-પ્રેમની રેલમછેલમ જોઇ. અહીં આવેલું પ્રત્યેક બાળપુષ્પ પોતાનું આગવું સામ્રાજ્ય પ્રસ્થાપિત કરતું નિહાળ્યું. પોતાના નગરમાં અજબ રૂઆબથી શ્રેષ્ઠી જેમ વિચરે તેવો આ બાળરાજાઓનો સ્વર્ગારોહણમાં વિહાર હતો.

તીર્થની સંજીવનીથી પરિપ્લાવિત થતાં તમામ બાળકોને સ્વર્ગીય મોજ માણતાં અમે જોયાં. મોટેરાંઓ પણ ક્યાં પીછેહઠ કરે તેમ હતા? બાળકોની સાથે સાથે સૌએ પૂ. શ્રી માનું અનુપમ સાન્નિધ્ય માણ્યું. અહીં દરેક બાળકના સ્વતંત્ર વ્યક્તિત્વને પુષ્ટિ મળતી. તેને પૂરેપૂરો ખીલવાનો અવકાશ ને વાતાવરણ મળ્યું. પોતાના અસ્તિત્વ અને કૌશલને પ્રસ્થાપિત કરવાનો સુઅવસર પ્રાપ્ત થયો.

પૂ. શ્રી માની સંનિધિ ઉત્સવ ઉજવતાં આ બાળકોની ચાલ, વાણી અને વર્તનમાં ગૌરવની મહેંક વર્તાતી. પૂ. શ્રી માએ પ્રેમરૂપી સિતાર છેડી અને ફૂલવાડીના મધુર કલરવરૂપી તાર ગૂંજી ઊઠયા. તેના સ્વરો હતા...."Maa is always with us." બાળકોનો રૂઆબ તો એવો કે જાણે સૃષ્ટિના સમગ્ર સામ્રાજ્યના પોતે આસામી! વાત તો સાચી છે, કારણ પૂ. શ્રી આખે આખાં જ તેઓનાં. ફૂલવાડીનાં જ તો!! મજાલ છે કોની એક આંસુ પણ પડવા દે?

આખું જ વાતાવરણ પૂર્ણતઃ પૂ. મામય. પૂ. શ્રી માનો પ્રભાવ પણ પ્રકૃતિ પરનો કેવો? ગરમીના આ દિવસોમાં પણ સ્વર્ગારોહણમાં પ્રમાણમાં ઘણી ઠંડક હતી. કરુણામયી પરમવત્સલા પૂ. શ્રી માનું કૃપાછત્ર ફૂલવાડીની ચોમેર વીંટળાઇ વળતું અને બાળકો પૂ. શ્રી પ્રભુના પદની પંક્તિઓનું સંભારણું લાવતા.

"એવા એ રસીલા નયન.....
જાણે સુધાના સરોવરે સ્નેહનાં શયન."

આ સુધાપાન ફૂલવાડીનાં ફૂલો મન ભરી ભરી માણતાં જોયાં. દરેક બાળક પોતાની માતાને પણ મળવાની પરવા કર્યાવિના એક જ સૂરે બધાં પૂ. શ્રી માના કૃપા સરોવરમાં કિલ્લોલતાં મા...મા...મા...નું જ મંત્રગાન કરે. એક જ સંબંધ તેઓને બસ યાદ–પૂ. શ્રી માનો.

મુંબઇ, અમદાવાદ, રાજકોટ, ભાવનગર, મોરબી, સૂરત, વડોદરા, ઝણોર, માસમા, સ્યાદલા, વગેરેથી ત્રણથી પંદર વર્ષનાં કુલ ૧૨૫ બાળકોએ આ શિબિરમાં ઉત્સાહથી ભાગ લીધો.

શિબિરના પ્રથમ દિવસે બાળકોને પૂ. શ્રી માની સ્થૂળ ખોટ ખૂબ વર્તાઇ. બીજા દિવસથી જાણે નવચેતન મળ્યું. મિલન કરતાં વિરહમાં પ્રેમની પરાકાષ્ટા છે તેવા ઊંચા દર્શનશાસ્ત્રની બાળકોને તો ક્યાંથી ખબર? બીજા દિવસે દર્શન અને સંનિધિની તિતિક્ષા સવારે ૯–૫૦ વાગ્યે વ્યાજ સાથેના વળતરમાં પરિણમી. પૂ. શ્રી મા પણ એટલાં જ આતુર હતાં. આતમથી આતમને ભેટવા.

પૂ. શ્રી માના આગમન સ્વાગતમાં નાનાં નાનાં બાળકોએ મથીને વિશેષ તૈયારી કરી હતી. તેમણે પોતાના મુખને જુદાં જુદાં રંગબેરંગી ફૂલની આકૃતિથી ઢાંકી દીધું હતું. શરીરને આસોપાલવનાં તોરણો તળે છૂપાવ્યું. પૂ. માની પ્રતીક્ષામાં વિરહાતુર તેઓ 'યોગશૈવલ્યમ્'માં બેઠાં હતાં. મુખપર બનાવટી રિસામણીનો ભાવ ને હૃદયથી મીઠી ફરિયાદ કરતાં..."કાલે કેમ નહતાં આવ્યાં? હવે શોધી લો અમને અમે તો સંતાઇ ગયા. કહો જોઉં અમે કોણ? કોણ? આવું આવું મનોમંથન ચાલતું હતું.



ત્યાં અનંતપ્રિય વિશ્વપ્રેમી સુધાસભર પૂ. શ્રી મા ગાડીમાંથી ઉતરી સીધાં જ હોલમાં પધાર્યાં. વિરહની સમાપ્તિ ને મિલનની ભરતી સર્જાઇ. હોલમાં ૧૦ મિનિટ માટે ફક્ત બાળકો અને પૂ. મા ગાડીમાંથી ઉતરી હોલમાં બાળકોને મળવા જતાં પૂ. માની ચાલનો વેગ તો જાણે એવો તો ધસમસતો કે સ્વર્ગમાંથી શિવજીની જટામાં ઉતરતાં ગંગાજી જોઇ લો. તેજીલાં ને કેટલાં વેગીલાં? કોણ હશે આવું પ્રેમી? પૂ. શ્રી પ્રભુનું પદ છે....

"પ્રેમ કરનારો સૃષ્ટિને સદાય,
કૃષ્ણવિના કોઇ નથી."

ચિન્મય, શિવમ્, પવિત્રા, તારક, વેદ, દીતિ વગેરે બાળકોને શ્રી ચૈતન્ય મહાપ્રભુ, રાધા–કૃષ્ણ, સંત તુકારામ, નરસિંહ મહેતા અને ભક્ત જનાબાઇના સુંદર અભિનય સ્વરૂપો બની નિજ પ્રેમઇષ્ટની ધૂન સાથે પૂ. શ્રી માનું સ્વાગત કર્યું. ઉપાસનાએ "સર્વેશ્વરી વંદુ પુનિત પ્રભાતે...."ની નૃત્યપ્રાર્થના કરી.

હવે ફૂલોની આકૃતિ નીચે છૂપાયેલાં નાનાં નાનાં ફૂલવાડીનાં ફૂલોને જોવા અતિશય આતુર પૂ. શ્રી મા લખે છે.

હવે તમારું મુખદર્શન કરાવો. બાળકો પણ મુક્ત મને પ્રેમમયી માનાં દર્શન પામી ધન્ય થવા એટલાં જ આતુર. પણ તેમની એક શરત છે. ખાસમખાસ. બાળકો કહે–મા....તમે બોલો. અમે

તમને કદી સાંભળ્યાં નથી. તમારી મીઠી મધુર વાણી અમને પણ સંભળાવો. તમે એકવાર બોલો. પણ બોલો ને બોલો જ. તો જ અમે અમારું મુખ બતાવીએ. નહીં તો નહીં. તમે જ્યાંસુધી નહીં બોલો ત્યાંસુધી અમે અમારું મુખ ખોલવાનાં નથી ને નથી.

અહો! પરસ્પરના સ્નેહદર્શનનું આ દૃશ્ય ઘડીક તો ધડકન થંભાવી દે તેવું રોચક હતું. હવે પરમ ભગવતી પૂ. શ્રી મા અને બાળકો વચ્ચે મીઠો ચતુર સંવાદ પ્રારંભાયો.

દયાનિધાન કરુણાળુ પૂ. મા પોતાના પ્રિય બાળકોની ઇચ્છા કેવી રીતે ટાળી શકે? તેમાંય પૂ. શ્રી મા! એ તો પૂ. શ્રી પ્રભુએ કહ્યું છે તેમ પરમાત્માની પરાત્પર મહાશક્તિ માતૃસ્વરૂપે પૂ. મા રૂપે પૃથ્વીપર પ્રગટયાં છે, પ્રજ્ઞાદાયિની મેધા પૂ. શ્રી માએ બાળકો સાથે સ્નેહસંવાદ સાધતાં પ્રશ્નાવલી છેડી.

(૧) તમે બોલો છો તે કોણ શક્તિ આપે છે?

એક સાથે બાળકો બોલ્યાં **'મા'**.

(૨) તે પળે તમારા મોઢામાં કોણ બેઠું છે?

**મા.**

(૩) આ કોણ બોલે છે?

**મા.**

(૪) તો તમે બધાં કોનાં બાળકો છો?

**માનાં.**

(૫) તો મા જેવું કોણ હોય?

**પ્રભુ.**

(૬) લો મા બોલે છે. કેટલીવાર સાંભળવું છે?



બહુ બધી વાર; બોલ્યાં જ કરે.

(૭) તો સૌ મૌન બની સાંભળો.

અને કેસેટમાં ૐ યોગેશ્વરાય નમઃનું મંત્રગાન પૂ. શ્રી માના સ્વરમાં સંભળાય છે. દરેક બાળકના મુખપર સંતોષ અને આનંદ ફરી વળ્યાં. બાળકોની ઇચ્છાનું સમાપન થયું.

ફૂલાકૃતિ ને પાંદડાં વચ્ચે છૂપાઇ રહેલાં ફૂલવાડીના ફૂલોને પૂ. મા કહે છે હવે સૌ પોતાનું દર્શન આપે.

ફટાફટ મુખપરની ફૂલાકૃતિ બાળકો ઉતારી દે છે. માગણી સંતોષાયાનો આનંદ બાળકોના મુખપર પ્રવર્તતો હતો, આકૃતિનું આવરણ હટતાં જ મૂળરૂપ દર્શન થતાં પૂ. મા તાળી પાડે છે. આખું યોગશૈવલ્યમ્ તાળીઓના ગડગડાટથી ગુંજી ઊઠે છે.

હવે મોટેરાંઓને હોલમાં પ્રવેશ મળ્યો. બધા હારબદ્ધ પૂ. શ્રી માને પ્રણામ કરી (જે તે જગ્યાએથી) ગોઠવાયા. કાર્યક્રમ તો ફૂલવાડીનો છે. તેથી પૂ. માએ શ્રી સંજય પંડયાને બાળકોને રમત રમાડવાની સૂચના આપી અને ભાષાની હા, ના ની કડીવાળી રમત પ્રારંભાઇ. બાળકો ખુશખુશાલ થઇ પરોવાયાં. પૂ. શ્રી માના આગમનનો આનંદ રમતમાં બેવડાયો. બાળકો ગુલતાન થઇ રમતે રંગાયાં. પૂ. શ્રી માની સાન્નિધ્ય મસ્તી માણતાં બાળકોની આ શિબિરને શું કહીશું તે જ ન સમજાય. આનંદયાત્રા? સ્નેહની સફર? વ્રજવેલી? સ્વર્ગનું આરોહણ? કૃષ્ણનું વ્રજ? કે સ્વર્ગનાં સુમનો? (સ્વર્ગ=સ્વર્ગારોહણ) સમજાય તો કંઇક એવું છે કે–દિવ્ય સુગંધિત પરમાત્મારૂપી પુષ્પનો પ્રેમરૂપી રસ ફૂલવાડીના ફૂલો પતંગિયાં બની પાન કરી રહ્યાં છે. દરેક બાળકના હૃદયરૂપી સ્વર્ગમાં એકમાત્ર પૂ. શ્રી માનું જ સર્વત્ર શાસન.

શિબિરનું સમયપત્રક શ્રી રંજનબેન ઠાકરે પૂ. શ્રી માની સૂચના પ્રમાણેનું વિવિધતાભર્યું. સુવ્યવસ્થિત બનાવેલું. સમયપત્રકમાં આ વર્ષે ત્રણ વિશેષતાઓનું ઉમેરણ જોવા મળ્યું. જેમાં બાળકોનું મન તેમ જ શરીરને યોગ્ય વ્યાયામ મળવાથી સૌષ્ઠવ વધ્યું.

ભૌતિકયુગ વૈજ્ઞાનિક વિશેષતાઓથી ભરેલો છે. અદ્યતન ટેકનોલોજીનો સમય છે. એડવાન્સ ઉપકરણોથી બાળકોનાં મનમાં ઘણા પ્રશ્નો ઊઠતા હોય છે. તેઓ માનવીય શક્તિ–વિશેષતા શોધથી પરિચિત થાય અને અંધશ્રદ્ધાના આવરણોથી કદી ન દોરાય એ હેતુસર પૂ. શ્રી માએ આ શિબિરમાં જુદા જુદા વૈજ્ઞાનિક પ્રયોગો, માહિતી અને સ્લાઇડો જોવાનો વર્ગ બે દિવસ ગોઠવ્યો. પ્લેન આકાશમાં કેમ ઊડે છે? તેની ત્રિપાંખીય રચના. ફુગ્ગો હવાથી ઉપર કેમ ગતિ કરે છે? જેવા અને કાચના પ્રયોગો જોવા મળ્યા. રાજકોટથી આવેલા ભાઇશ્રીએ ઘણાં પ્રેમ સાથે વિષયના ઊંડાણને લઇને નભોદર્શનની સ્લાઇડ કોમેન્ટ્રી સાથેની બતાવી જેમાં ગ્રહ, નક્ષત્ર, ઉલ્કાઓ, પૃથ્વી, આકાશદર્શન આકર્ષક હતું. બાળકોની જીજ્ઞાસાને સંતોષે તેવી જ્ઞાનપ્રદ માહિતી તેમાં હતી.

સૌથી વધુ આકર્ષણનો વિષય આ શિબિરમાં સંસ્કૃત વર્ગનો હતો. ભાઇશ્રી મિહિર ઉપાધ્યાયે અત્યંત રસપૂર્વક બાળકો સાથે ભળી તેમનામાંથી સંસ્કૃતભાષા પ્રત્યેનો હાઉ ભગાડી રસજાગૃત કર્યો. તેથી જ પૂ. શ્રી માએ બધા બાળકોને મિહિરસેના એવું બિરૂદ આપ્યું. જાણે આખી શિબિર સંસ્કૃતમય બનીને સ્વર્ગારોહણ પ્રાચીન ઋષિમુનિના આશ્રમોમાં ઉચ્ચારાતા વેદમંત્રોને વૈદિક ક્રિયાઓનું પ્રતિનિધિત્વ કરતું હતું.



પૂ. શ્રી પ્રભુએ વિદ્યાર્થીઓને સંસ્કૃત શીખવા ઉપર ભાર મૂકતા કહ્યું છે. આપણા વેદ. ઉપનિષદો, પુરાણો, ભાષ્યો સંસ્કૃત ભાષામાં છે તેના અભ્યાસ માટેનું જ્ઞાન જરૂરી છે. ભારતીય સંસ્કૃતિની દેવભાષાનો પરિચય આવશ્યક પણ છે. જરૂરી પણ.

મિહિરભાઇએ ૧ થી ૧૦ ની અંકગણત્રી ગીતમાં શીખવી.

एकम् द्वे आगच्छतु सर्वे
त्रिणी चत्वारी आनय वारि

पंच षट् कराभ्यां फट्।
सप्त अष्ट ध्येय निष्ठः
नव दश संस्कृते प्रवेशः

આ સંખ્યાગીત સર્વપ્રિય બની ગયું. તો વળી સંસ્કૃતમાં ટૂંકા નાના વ્યવહારુ વાક્યો બાળકોને બોલતા કરી દીધાં.

मम नाम वेदः। भवतः नाम किम्?
मम नाम मैत्रेइ। भवत्याः नाम किम्?

एषः बालकः बालकः खादति, पिबति વગેરે. સંસ્કૃતમાં एकः शृगालः वनम् गच्छति सः वनम् गच्छति દ્રાક્ષતો ખાટી છે ની શિયાળની વાર્તા ભણવાની ઘણી મજા પડી. બાળકો રમતના મેદાનમાં હોય કે રાત્રિના સંસ્કૃતિ કાર્યક્રમમાં, રીંછડીયા મહાદેવની પદયાત્રામાં હોય કે ભોજનાલયમાં, બધે જ બધે સંસ્કૃતમાં/- ગરબડીયા સંસ્કૃતમાં બોલતાં થઇ ગયાં. જાણે સંસ્કૃતનું ઘેલું લાગ્યું. સંસ્કૃત લઘુનાટકો પણ બાળકોએ ભજવ્યાં. સંસ્કૃત સહેલું છે. સરળતાથી બોલી શકાય છે તેવો વિશ્વાસ ફૂલવાડીમાં જાગી ગયો.

પર્યાવરણ તેમ જ પશુપક્ષીઓના જીવન જાણકારીને વિવિ-

ધતાની માહિતી આપતી કેસેટો અને જ્ઞાન ડો. જયંતભાઈ સોલંકી-એ રજૂ કરી ગુજરાત અને અન્ય રાજ્ય, દેશના વનવિભાગની જાણકારી બાળકોને ગમી. પર્યાવરણનું રક્ષણ કેમ કરવું. પાણીનો દુર્વ્યય ના કરવો. પ્લાસ્ટીક બેગથી થતું નુકશાન, વૃક્ષોની વાવણી વગેરેની જ્ઞાનપ્રદ વાતો બાળકોની સરળ શૈલીમાં આપી.

આ સાથે શિબિરમાં હળવી કસરત, ચિત્રકામ, ઉદ્યોગ, રમત-ગમત વગેરેનું પણ આયોજન હતું.

પ્રાતઃકાલે ૬:૩૦ ની પ્રભાતવંદના, પ્રણામ, પ્રાર્થના, મંત્ર-ગાનથી રોજ સવારે શિબિરનો પ્રારંભ થતો ને રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમો ને પ્રાર્થનાથી રાત્રીનો વિશ્રામ રહેતો.

સવારે પ્રણામ, પ્રાર્થના પછી દૂધની પ્રસાદી મળે. બપોરે હળવા ભોજનમાં ઉપમા, બટાકાપૌઆ અને સાંજે મગભાત, દાળ-ઢોકળી, ખીચડી શાક વગેરેથી બાળકો પ્રસન્ન હતા. મમતામયી પૂ. શ્રી માએ બાળકોને અપાતી પ્રસાદી વિનાશક ભૂકંપને કારણે સાદી તેમ જ ઋતુ અનુસાર સ્વાસ્થ્ય સાચવે તેવી ધાણી, મમરા, દાણા, ચણા વગેરે જુદા જુદા દિવસ માટે આપી હતી. બાળકોને મનગમતાં ચોકલેટ અને બિસ્કીટ તો ખરાં જ. પ્રસંગોપાત્ત વડોદરાના હેમાબેન તરફથી એક દિવસ ફૂલવાડીને કેરીની પ્રસાદી મળી હતી. લગભગ તો રોજ રાત્રે ખાસ બાળકોને જુદાં જુદાં નિમિત્તે આઈસ્ક્રીમની પ્રસાદી મળે. બાળકો ભોજનસમયે બોલાતી પ્રાર્થનાને આઈસ્ક્રીમ સાથે સાંકળી ગાતા; આ આઈસ્ક્રીમ બ્રહ્મરૂપ છે. અને આ સાંભળી પૂ. શ્રી મા ખડખડાટ હસી પડતાં.

પૂ. શ્રી મા બાળકોને પ્રિય એવો આઈસ્ક્રીમ આપ્યા પહેલાં પૂછતાં લીમડાનો રસ કોને કોને નથી ભાવતો?



કોને કોને પીવો છે? પહેલાં કોઈ દિવસ પીધો છે? જેવા પ્રશ્નો પૂછી કડવા રસની જગ્યાએ મીઠો મીઠો આઈસ્ક્રીમ પ્રસાદ-માં આપે. બાળકો જાણે જાદુ થયો હોય તેમ રાજીના રેડ થઈ જાય. જો કે બાળકોને છેક જ ખાત્રી કે પૂ. શ્રી માની પ્રશ્નાવલી પાછલ પ્રસાદની કોઈ વિશેષતા રહેલી છે અને મધુમયી માતા પાસે મધુ જ હોય ને!

ફૂલવાડીની શિબિરમાં કેટલાંક બાળકો એકલાં જ આવેલાં હતાં. સાવ નાનાં બાળકો સાથે જ તેમની માતા હતી, બાળકોને પૂ. શ્રી માનું ખૂબ જ ખૂબ આકર્ષણ. તે પોતાના ઘર કે માતાપિતાને યાદ સુદ્ધાં પણ ન કરે. વિશ્વને પોતાનું કરી દે તેવું કૃષ્ણવિના બીજું કોણ હોઈ શકે?

બાળકોને ક્યાંય પણ ઓછપ કે ઉણપ આવે તે પૂ. શ્રી મા જરા ન ચલવી લે. તેથી તો મોટેરાંઓને ખાસ સૂચના આપતાં લખેલું કે—બાળકોના આ કાર્યક્રમને વિક્ષેપ ના કરો.

* બાળકો માટે જ આગળ જગ્યા રાખો. (બાળકોનું પૂ. માને કેટલું ધ્યાન!)

* તમારી મદદની જરૂર હોય તો જ તમે બાળકો સાથે રહેજો.

* બાળકોની વચ્ચે ના આવો. બાળકોને પોતાની રીતે ખીલવા દો ને આવશ્યક હોય તો જ મદદ કરો.

* જરા વિચારીને, સમજીને બાળકોને પોતાની રીતે મદદ કરવા દો.

* એમની જગ્યાએ આપણાથી ના બેસાય. એમના પહેલાં ભોજન પણ ના લેવાય. આ કાર્યક્રમ બાળકોનો છે. તમે ફક્ત બાળકોને મદદરૂપ થાવ અને સાથે તમારા પાઠ, જપ, ધ્યાનના નિયમો કુટિયામાં બેસીને કરો.

પૂ. શ્રી મા પ્રેમભરપૂર. પણ સાથે સાથે બાળકોમાં શિસ્તના એટલાં જ આગ્રહી. શિસ્તબદ્ધ પલાંઠી વાળી કે પદ્માસનમાં પ્રભુ પાસે બેસાય તેવું પૂ. શ્રી મા પોતાનું આસન બતાવીને બાળકને બતાવે પણ. એક દિવસ એક બાળકને મન થયું ને મોટેથી ૐ યોગેશ્વરાય નમઃ એમ બોલતો હતો. અન્ય વર્ગની બેઠક ચાલતી હોવાથી કોઈકે તેને આ મંત્ર બોલતો અટકાવ્યો. તો પૂ. શ્રી માએ તરત લખ્યું. બાળકને મન થયું તો બોલવા દો તેને રોકશો નહીં. આવું છે બાળકોનું પૂ. શ્રી મા સાથેનું એકચક્રી શાસન.

બાળકોની ભાવના અને ઊર્મિનું પૂ. શ્રી માને ઘણું ધ્યાન. ભાવનગરનો ૯ વર્ષનો હાર્દિક ઝાલાવાડી. તેને ખૂબ ઈચ્છા કે તે પૂ. શ્રી માને પાંચ મિનિટ પોતે તબલા વગાડીને પ્રસન્ન કરે. પ્રાર્થના બાદ તુરત જ પૂ. માએ તે બાળકના ઉત્સાહને વધાવી આ તક આપી અને તેણે ખૂબ સુંદર રીતે તીનતાલ, તેના બોલ સાથે વગાડયો હતો. ફૂલવાડીમાં પૂ. શ્રી મા બાળકોની વિશેષતાને બહાર લાવી તેને ખીલવી સુંદર સુગંધિત પુષ્પનું નિર્માણ કરતાં અમે જોયાં. બાળકને જરૂરી પ્રોત્સાહન, હિંમત, આત્મબળ, પહોંચાડે આવો અહેતુકી નિઃસ્વાર્થ પ્રેમ તો ઈશ્વર જ કરી શકે. કોણ જાણે કેટલાય સમય પછી પ્રગટેલું ઈશ્વરનું દેવદુર્લભ આ માતૃસ્વરૂપની પ્રેમલ્હાણ મન ભરી ભરી ફૂલવાડીનાં ફૂલો માણી રહ્યાં હતાં.

પ્રાચીનકાળમાં ઋષિમુનિઓ જગદંબાની પ્રસન્નતા માટે સ્તુતિ, તપ, યજ્ઞથી આરાધના કરે, પરંતુ ફૂલવાડીનાં ફૂલો તો પ્રેમની એક જ રીત જાણે. અહીં આવેલા નાનાં નાનાં ફૂલ દેવો–દેવીઓ પૂ. શ્રી માને પોતાના નીતનવા પરિવેશમાં નાટકો, ગરબા, નૃત્ય યોજી પ્રસન્નતાનું પૂર રેલાવી દેતાં. બાળકો સંત જ્ઞાનેશ્વરજી, જગદ્‌ગુરુ શંકરાચાર્યજી, યોગેશ્વરજીના જીવનપ્રસંગોને



નાટકમાં વણી લઈ રજૂ કરતાં. તો વળી અકબર બિરબલની હાસ્યકણિકાઓ અને 'ઈશ્વર જે કરે તે સારા માટે' જેવી ઉક્તિને લઈ ભજવતા. ડોક્ટર દર્દીની મિમિક્રી પણ કરે. સાથે સાથે ગરબા કરી ગોરસ છલકાવે. પોતાની પ્રેમભક્તિનાં પુષ્પોનો અર્ઘ્ય પૂ. શ્રી મા ચરણે સખાભાવે બાળકો અર્પતાં.

ફૂલવાડી શિબિરનાં ચોથા દિવસે સવારે એક સુંદર પદયાત્રા પ્રારંભાઈ. સ્વર્ગારોહણથી રીંછડીયા મહાદેવની. આવતાજતાં થઈને કુલ ૮ કિ. મી. ની યાત્રા હતી. આ સ્થાન સુંદર છે. જંગલની વચ્ચે કુદરતી સૌંદર્યથી ભરપૂર મુખ્ય સ્થાન છે. પહેલાં અહીં ઘણાં રીંછ આવતાં હોવાથી આ સ્થળનું નામ રીંછડીયા મહાદેવ કહે-વાયું, તેવી લોકોક્તિ છે. મંદિરને ફરતે સુંદર વનરાજી ને ટેકરી-ઓની હારમાળા છે. પાણીની ઉપર મંદિરનું નિર્માણ થયેલું હોવા-ને કારણે ઠંડકનું પ્રમાણ સારું અનુભવાયેલું.

વચ્ચે વચ્ચે ધૂન, સત્સંગ, કીર્તન કરતાં કરતાં આ પદયાત્રા સ્વર્ગારોહણથી રીંછડીયા મહાદેવ પહોંચી કે તરત જ ૧૧ પ્રણામ ને ૧૦ મિનિટ શિવજીની ધૂન બાળકોએ ગાઈ. ત્યાર પછી પ્રસાદ લીધા પછી બાળકોએ ઉત્સાહભેર બાજુની ટેકરી પર ચઢાણ શરૂ કર્યું ને ટ્રેકીંગનો આનંદ લૂંટયો. થોડું રમ્યા ને વળી પાછું ધૂન, કીર્તન કરી બાળકોએ મજા લૂંટી. પાછા વળતાં રસ્તે પૂ. શ્રી પ્રભુજી અને પૂ. શ્રી માના કૃપાપ્રસંગોનું શ્રવણ કરતાં કરતાં બધા બાળકો સ્વર્ગારોહણ આવ્યા ને કુટિયાની ત્રણ પ્રદક્ષિણા કરી, ગઢ જીતી આવ્યાનું ગૌરવ વહેતું કર્યું. પદયાત્રા પણ ફૂલવાડી શિબિરનું વિશેષ કૌતુક રહ્યું. આજના સમયમાં ચાલવાનું ને સાહસ બન્ને બાળકોના જીવનમાં ઘટતાં રહ્યાં છે. ત્યારે પૂ. માએ તેઓને આમાં પણ કેવો રોમાંચ રહેલો છે, તેનો અનુભવ કરાવ્યો.

શિબિરનો છેલ્લો દિવસ ૧૦/૫/૨૦૦૧ આવી પહોંચ્યો. વિદાય વસમી હતી. બાળકોને પૂ. શ્રી માએ પૂછ્યું, "કોને જવું છે? તો કોઈયે પણ આંગળી ઊંચી ના કરી. કોને રહી જવું છે? ના ઉત્તરમાં હોલમાં કોઈની આંગળી નીચી ન હતી. પૂ. શ્રી માનું અદ્ભુત વાત્સલ્યદર્શન આ પ્રશ્નોત્તરીમાં જોવા મળ્યું. દીવાળીપર ફૂલવાડી ફરી રાખવી છે? આ પ્રશ્નના ઉત્તરમાં હોલ 'હા'થી રણકી ઊઠયો. પ્રેમનિધાનના પરમ આકર્ષણથી છૂટવા કોણ તૈયાર હોય? બાળકોનો આનંદ આ સમયે વિદાયના ભારમાં વહેતો હતો.

શિબિરના બીજા દિવસે પૂ. શ્રી મા તરફથી માના સ્વરૂપવાળો સુંદર ગોળ બેઝ બધાં જ બાળકોને મળ્યો હતો તે દરેકના વસ્રો-પર શોભી રહ્યો છે. બધાં જાણે પ્રેમનગરનાં રહેવાસી.

બપોરે ૧૨.૧૫ કૃષ્ણોત્સવ મટકી ફોડ યોજાઈ. સારોયે યોગ-શૈવલ્યમ્ બાળભક્તો એવાં ફૂલવાડીના ફૂલોના કીર્તન ગુંજારવમાં ગરકાવ થઈ ગયો. નંદ ઘેર આનંદ ભયો......

આજની ઘડી તે રળિયામણી.....
આજ અહીં આવ્યો રે મોહન ગિરધારી....
રાધે રાધે શ્યામ મિલાદે, મા મિલાદે....

ગરબા, રાસ, ધૂનમાં નાનામોટાં સૌ બાળકો મસ્ત બની મહેક્યાં. સ્વર્ગારોહણ ઝંકૃત થઈ ઊઠયું. એનાં બાળપ્રેમીઓથી માનસે મટકી ફોડી ને પ્રસાદ, માખણ, ચોકલેટની લૂંટાલૂંટ મજા મજા પડી.

શ્રી સિદ્ધાર્થભાઈએ ઘણી મહેનતે તૈયાર કરેલું દરેક બાળકને પોતાનાં જ ફોટાવાળું, પૂ. શ્રી માના હસ્તાક્ષર સાથેનું પૂ. શ્રી પ્રભુ અને પૂ. શ્રી માના સ્વરૂપવાળું, ફૂલોની કિનારે મુખ્ય સર્ટીફિકેટ



આપવામાં આવ્યું. આ સર્ટી બાળકોની પ્રેમકમાણીનું સરવૈયું સ્મૃતિપત્રરૂપે પ્રાપ્ત થયું.

બેસુમાર આનંદ પર બાળકોની સ્નેહસવારી હતી.

એક દિવસ શિબિરમાં ફોટો ફંક્શન યોજ્યું હતું. જેમાં પૂ. શ્રી મા સાથે દરેક કેન્દ્રના બાળકોનો ફોટો લેવામાં આવ્યો હતો. જે તે કેન્દ્રના બાળકોને સ્મૃતિરૂપે આ ફોટાની એક નકલ પણ આપી હતી.

મુંબઈના ભારતીબેન તરફથી દરેક બાળકને એક વોટરબેગ, નાસ્તાની ડીસ આપવામાં આવી હતી. સૂરતના ઈલાબેન તરફથી સરસ મેજીક સ્લેટ અપાઈ હતી, અને અમદાવાદના દિનેશભાઈ ઠક્કર તરફથી પર્સ.

વલસાડથી આવેલા ડો. અરૂણીકાબેન દરૂ જે વલસાડ આર્ટ્સ કોલેજના ગુજરાતી વિષયના નિવૃત્ત પ્રાધ્યાપક છે તેમણે ભગ-વાન બુદ્ધની સુંદર વાર્તાકથા બાળકોને સંભળાવી હતી.

સાંજે 'યોગશૈવલ્યમ્'માં પૂ. શ્રી માની ઉપસ્થિતિમાં રમતોત્સવ ને હરિફાઈ શરૂ થઈ, જેમાં લીંબુચમચો, બટાકાદોડ, ગુલાંટદોડ, સોયદોરો, માટલાફોડ, માથે ગ્લાસ મૂકી સંભાળી ચાલવું, ફૂલરેકેટ, પગમાં બોલ ભરાવીને દોડ, ત્રિપગી દોડ, પગે ફુગ્ગા બાંધી પરસ્પરનો ફુગ્ગો ફોડવો જેવી ઘણી ઘણી રમતો રમાઈ.

આજની રાત્રિ પ્રેમોત્સવની હતી. આનંદ સમાતો ન હતો. ચારે બાજુ સ્નેહજળની ભીંજાસ હતી, ઉપાસના સુંદર શિવનૃત્ય રજૂ કરે છે. તેણે આગલા દિવસે પણ 'જળકમળ છાંડી જાને બાળા...'નું નૃત્ય કર્યું હતું. સૂરતના યોગીને અંગકસરતના વિવિધ છ પ્રયોગો રજૂ કર્યા હતા. જેમાં નાનામોટા બધાં જ બાળકોએ

ભાગ લીધો હતો. પિરામીડ, મંદિરનો દરવાજો, મંદિરનું ફૂલ, વગેરે રજૂ થયાં. પૂ. શ્રી મા આવા પ્રયોગોને શરીરનું દમન કરનારા ને હિંસા તરીકે ઓળખાવતાં કહે છે આવું ન કરવું. કેટલું કષ્ટ. આ પણ એક પ્રકારની હિંસા છે. પોતાના અને બીજાના પરની. પૂ. શ્રી મા પાસે યોગીન રડી પડતાં કહે છે કે પોતે હજી વધુ એક દાવ રજૂ ન કરી શક્યો. પૂરતી તૈયારીના અભાવે. તો પૂ. શ્રી મા લખે છે જે થયું તે મંગલ. જે થશે તે પણ મંગલ. પૂ. મા અલાસ્કા શિબિરનું એક ઉદાહરણ લખી કહે છે એક ભક્તે જૂના જમાનાનો ચામડાનો કોટ લટકાવેલો તો પૂ. માએ બધાં શિબિરાર્થીઓને ૧ ઉપવાસ કરાવ્યો. ચામડુ તે હિંસાનું પ્રતીક. પૂ. માને આવું ના ગમે. શક્ય હોય ત્યાંસુધી ચામડાના ઉપયોગને ટાળવાનું પૂ. માને ગમે. બેનોએ અને બાળકોએ ગરબા કર્યાં. 'ગર્દભસિંહનું મુંડન'જેવું પ્રહસન ભજવાયું હતું.

છેલ્લે ફૂલવાડી ૨૦૦૧ નો પ્રતિભાવ આપતાં નિધિન, કૃપા, હની, દેવાંશી, દર્શન, સંસ્કૃતનાં શિક્ષક મિહિર, પ્રા. પ્રચેતાબેને કહ્યું કે—નિધિન કહે સાધના, સદાચાર, શિસ્ત, સત્ય ને શાંતિ આ પાંચ શબ્દોમાં ફૂલવાડીનો સાર સમાયો છે.

તો કૃપાનું કહેવું છે કે વેકેશનમાં પૂ. મા સિવાય બીજું કંઇ જ યાદ નથી આવતું. મામાનું ઘર પણ નહીં.

વડોદરાની હની કહે છે પૂ. મા ને મમ્મીમાં બાળકને મા જ ગમે છે. 'મા'નો પ્રેમ એવો મળ્યો કે છૂટા પડવું અઘરું છે. દેવાંશીએ કહ્યું મને 'મા' ખૂબ જ ગમે છે. મા અમને બધું જ આપે છે. દર્શનનો પૂ. મા પ્રત્યેનો પ્રેમ એવો કે તેણે અંગ્રેજીમાં તરત જ એક જોડકણું બનાવી કહ્યું : મા ઇઝ કોલ, ઓલ ઇઝ હોલ, કોલ ઇઝ હોલ, ઓલ પ્રોબ્લેમ સોલ્વડ, વધુમાં તેણે કહ્યું પૂ.



મા સંસારના આપણાં કામ, ક્રોધ, રાગને છોડવાની એક રસ્સી છે. આ બધું છોડવા જ પૂ. મા આપણને પ્રસાદ આપે છે.

પૂ. માની કૃપાશિષથી સંસ્કૃતના વર્ગ લેવામાં અને બાળકોને સરળતાથી સંસ્કૃત શીખવવામાં સફળતા મળી. પૂ. શ્રી માનું અનુપમ સાન્નિધ્ય ને પ્રેમ મળવાથી ધન્યતાનો અનુભવ કરતાં મિહિર કહે છે આ શિબિરમાં પ્રભાતવંદના અને પ્રણામ એ આધ્યાત્મિકતાની સાથે આરોગ્ય માટે પણ ઉત્તમ છે. અહીં ભોજન પણ સાત્ત્વિક મળે છે. જેથી માનસિક આરોગ્ય જળવાઇ રહી પ્રમાદથી દૂર રહેવાય છે. સંસ્કૃત શિબિરની સફળતાનું બધું શ્રેય પૂ. શ્રી મા ચરણે અર્પણ. પૂ. માની કૃપાનો જય જયકાર હો.

પ્રા. શ્રી પ્રચેતાબેન પંડયાએ શિબિરનું વિશ્લેષણ કરતાં અર્થમાં જણાવ્યું કે બાળકોને અહીં ફૂલવાડી શિબિરમાં ખૂબ ખૂબ પ્રોત્સાહન અપાય છે. બાળકોને પૂ. માનું જબરજસ્ત આકર્ષણ છે. જેવું ગોપીઓને કાનુડાનું હતું.

છેલ્લે વડોદરાના કેયુર શાસ્ત્રી જેણે નાસિકમાં શિક્ષાગ્રહણ કરી હતી તેમણે વેદમંત્રગાનથી શિબિરની પૂર્ણાહુતિ કરી હતી, કેયુરશાસ્ત્રી ફૂલવાડી શિબિરમાં આવ્યા હતા. તેમની ઉંમર તેર—ચૌદ વર્ષની છે.

આખી જ ફૂલવાડી ૨૦૦૧ ની પાંચ દિવસની શિબિર હવે પછી થનાર ફૂલવાડી શિબિર તરફ શ્રદ્ધાભરી મીટ માંડતી આશાભર્યા ગાન સાથે પૂરી થઇ હતી.

અંતે એટલું જ કહીશ કે : ધન્ય એ વ્રજને, ધન્ય એ બાળ જેણે કીધો કૃષ્ણનો સંગ....

# બાળરાજાઓનો દરબાર

સંજય પંડ્યા

## પરમ પૂ. શ્રી માના અંકે બાળારાજાઓનો દરબાર
## બાળશિબિર ફૂલવાડી–૨૦૦૧

આ ફૂલવાડી છે. અહીં બાળક ખરેખર રાજા છે. અહીં બાળક ખરેખર કેન્દ્રસ્થાને છે. અહીં બાળકોની ખીલવણી જ આયોજનમાં અગ્રસ્થાને છે. અહીં બાળકો અને પ. પૂ. મા વચ્ચે કોઇ જ નથી, અહીં બાળકોને ખૂબ ખૂબ રમવાનું છે. અને રમતાં રમતાં જ ભણવાનું છે. અને હસતાં હસતાં શીખવાનું છે, અહીં બાળકોની ખીલાવટમાં પ. પૂ. માના પ્રેમની મીલાવટ થઇ છે, અને તેથી જ આ ફૂલવાડીના ફૂલોનાં નિર્દોષ નટખટ અને નાચતાં ગાતાં સંપૂર્ણ વ્યક્તિત્વની સુગંધ અહીં વિલસી રહી છે.

જરા જુઓ તો ખરા! મોટાઓ પણ ડરી જાય એવા જોર, જોમ અને જુસ્સાથી આ ભૂલકાંઓ કેવા હિચકા ખાઇ રહ્યા છે? અરે, કેટલી તીવ્ર ગતિથી ચકરડી ફેરવી રહ્યા છે? કેટલી મોજથી કલાકો સુધી લપસણી ખાઇ રહ્યાં છે અરે! જરા જુઓ તો ખરા! સ્વર્ગારોહણના ભવ્ય અને પવિત્ર સત્સંગ ખંડ 'યોગશૈવલ્યમ્'માં આ બાળકો કેટલી સરસ રીતે સંસ્કૃત શીખી રહ્યાં છે? મોં પર કેવી સરસ પ્રૌઢતા ધારણ કરીને આ બાળકો મંત્રગાન કરી રહ્યાં છે. અને જુસ્સાથી ધૂન ગાઇ રહ્યા છે? જરા જુઓ તો ખરા! આ બાલુડાઓને નથી તાપની અસર કે નથી ભૂખ કે તરસની અસર. બસ, સતત ધમધમતી, મધમધતી, હસ્તકલાની, ચિત્રકામની, વિજ્ઞાનની પક્ષીદર્શનની પર્વતારોહણની, રમતગમતની પ્રવૃત્તિઓમાં એ બધાં કેવાં મગ્ન અને મસ્ત છે?



પ. પૂ. માની પ્રેરણાથી છેલ્લા બે વર્ષથી યોજાતી આ બાળ-શિબિર ફૂલવાડીનાં સમયપત્રક પર નજર ફેરવીએ તો આંખો પહોળી જ થઇ જાય. સવારના ૬–૩૦ વાગ્યે પ્રાતઃવંદના. પૂ. શ્રી માના સાન્નિધ્યમાં પ્રણામ અને પ્રાર્થના સાથે શરૂ થનારો દિવસ, જેમ જેમ આગળ વધતો જાય તેમ તેમ પ્રવૃત્તિઓનો ધમધમાટ વધતો જ જાય. સમયપત્રક અત્યંત ચૂસ્ત છે. નિરંતર રીતે બેલનો અવાજ દરેક બાળક ઓળખી જાય છે. બપોરે આરામનું નામ લેવાનું નથી, અને અહીં કોઇ લેતું પણ નથી. અહીં ૮ વાગે દૂધ, બપોરે ૧૨ વાગે ઉપમા કે બટાટાપૌંઆ જેવું સાત્ત્વિક સરળ સરસ ભોજન અને ૫–૦૦ વાગે હળવો નાસ્તો ને સાંજે ૭–૦૦ વાગે પ્રભુપ્રિય ખીચડી શાકનું હળવું ભોજન. સાથે દૂધ કે છાસ પોતાને ઘેર આ ખાશું ને તે ખાશું એવા લાડ કરતા બાળારાજાઓ અહીં આ સાદુ ભોજન કોઇ પણ પ્રકારના ખચકાટ વગર, ભરપેટ જમી લે છે. કેટલાય એવા બાળગોપાલો છે કે જેઓ ખીચડી પહેલી જ વાર ખાતા થયા છે! સાંજ પડે એટલે અહીંનો દિવસ થાકતો નથી, બાળક ઢીલો કે વીલો પડતો નથી, પણ ઉલટાનો ઉત્સાહથી સ્ફૂર્તિલો બને છે. રાતના ૯ વાગ્યાની બેઠકમાં જાતે જ બનાવેલા અલગ અલગ મનોરંજન કાર્યક્રમો પ. પૂ. શ્રી મા પણ એ કાર્યક્રમો નીરખવા બીરાજે છે. ફૂલવાડીનો અસલી મિજાજ આ સમયે અભિવ્યક્ત થતો જણાય છે. દિવસ આખાની સતત પ્રવૃત્તિ છતાં બે અઢી કલાકનો સ્વરચિત સાત્ત્વિક મનોરંજક અવનવા કાર્યક્રમોનો જલસો જોનાર એમ જ કહે કે અહીં બાળક થાકતાં જ નથી, પણ ખીલતાં જ જાય છે.

પ. પૂ. મા સ્વર્ગારોહણમાં આ બાળપર્વ નિમિત્તે ખાસ બીરાજમાન છે. પ. પૂ. મા પાસે અત્યારે બાળકોનો જ અગ્ર અધિકાર છે. ૫ થી ૧૫ વર્ષના ભૂલકાઓ સિવાય બીજા બધા માત્ર બાળદેવોની લીલાના સાક્ષી જ છે. અહીં નાનાં બાળકો સાથે એમની માતાઓ પણ આવેલી છે. અહીં ૧૫ વર્ષથી મોટા કેટલાક બાળકો પણ છે. પ. પૂ. માની એવી ઇચ્છા છે કે એ તો માત્ર બાળકોને મદદ કરે. બીજા શબ્દોમાં ૫ થી ૧૫ વર્ષ સિવાયના તમામે બાળારાજાઓના દરબારના દરબારી થવાનું છે.

બાળા રાજાઓનો ઠાઠ અહીં જોવા જેવો છે. છતાં પ. પૂ. માએ પદ્ધતિ એવી ગોઠવી છે કે જરાય ખબર ન પડતાં બાળકો-માં સહનશીલતા, મૈત્રી, સેવા, પ્રાર્થના, ઈશ્વર પ્રત્યેનો પ્રેમ સંસ્કૃતિ ને ધર્મ પ્રત્યેની રૂચિ, ખડતલપણું સંઘભાવના જેવા ગુણો ખીલતાં જાય છે. અહીં ખોટાં લાડપ્યાર નથી કે નથી ખોટું લાલનપાલન કે નથી વધુ પડતી આળપંપાળ કે નથી કોઇ ખાસ સગવડ અપાતી. છતાં બાળગોપાલો અહીં આવ્યા પછી ઘરને ભૂલી જાય છે. મમ્મી સાથે હોવા છતાં મમ્મી પાસેય જવાનું નામ નથી લેતાં !!

માતાઓની ભૂમિકા પણ અહીં ખૂબ જ મર્યાદિત છે. પોતાના બાળકને માનું કરી દીધા પછી એણે સાક્ષીભાવે એણે એના બાળુડાની ખીલવણી અને એમાંથી પ્રગટતાં રહેતાં અવનવા રંગો-ની ઝલક જોવાની છે અને માણવાની છે. અહીં એણે બાળકને સાચવવાનું નથી. પણ એણે માતાની સાચી સમજ સાચવવાની, જાળવવાની તથા ખીલવવાની છે.

છેલ્લા દિવસે મટકીફોડની મસ્તી પછી યોજાતો સુંદર રમતોત્સવ ફૂલવાડીના ફૂલોને રસતરબોળ કરી દે છે. પરમ પૂ. માના વરદ-



હસ્તે ઢગલાબંધ અવનવો પ્રસાદ પામીને અને પરમ પૂ. શ્રી માની પારાવાર પ્રસન્નતાના અમૃતજળથી સિંચાઇને તાજાંમાજાં બનેલાં ફૂલવાડીનાં ફૂલોથી એક સુંદર સુગંધિત આવતીકાલનું સર્જન થવાનું છે. માનવતા માટે અત્યંત મહત્ત્વના એવા એકવીસમી સદીના સમયમાં માનવતાનાં મહામૂલા પાઠ મૂંગા મોઢે શીખવતી આ બાળશિબિર પરમ પૂ. માએ આપેલું એક મહામૂલું પ્રદાન છે કે જ્યાંથી બાલુડાઓ જીવનની કોઇ પણ પરિસ્થિતિમાં ફૂલની જેમ હસતાં ખીલતાં સુગંધિત રહેવાની કળા શીખી જાય છે.

યોગના અભ્યાસથી સૌથી પહેલો અને મહત્ત્વનો લાભ– અશુદ્ધિના નાશનો છે. આ અશુદ્ધિ તનની અને મનની બંને-ની છે. બંને જાતની અશુદ્ધિમાંથી કોઇના પ્રત્યે પણ આંખ-મીંચામણાં ના કરી શકાય. યોગના અભ્યાસથી શરીર અને મન બંને નિર્મળ ને મજબૂત બને છે. યોગેશ્વરજી

ઘ. : ૪૬૩૪૩૧ ઓ. : ૩૬૨૪૩૭
: ૪૮૦૪૨૮ : ૩૬૦૩૭૬

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
૧/W, ભક્તિનગર ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, રાજકોટ–૩૬૦૦૦૨

# ફૂલવાડી ૨૦૦૧

નિધિન પટેલ

મોસમી વરસાદ તો દરેકે જોયો હશે પણ કમોસમી વરસાદ અને તે પણ ભર ઉનાળામાં! હું કોઈ સામાન્ય વરસાદની વાત નથી કરતો. આ તો સ્નેહનો વરસાદ છે. એવો વરસાદ જે અખૂટ છે. જેમાં તણાઈ જવાની મઝા પડે છે. આ વરસાદથી અમે બાળરૂપી કળીઓ ખીલીને સુંદર સુગંધિત ફૂલો બની ગયાં.

ખુલ્લી પ્રકૃતિ અને કુદરતના ખોળે અંબાજીમાં અમે આ વરસાદમાં છ દિવસનો અલૌકિક અનુભવ કર્યો. શિબિર તો ઘણી જોવા મળે, પણ આવી અદ્‌ભુત શિબિરનો અનુભવ એ સોનેરી તક છે. આ શિબિરને પાંચ શબ્દમાં પ્રગટ કરવી હોય તો કહી શકાય કે જ્ઞાન, સાધના, શાંતિ, પ્રેમ અને સત્ય.

બાળક એટલે કુમળા છોડ. વાળીએ તેમ વળે. પછી તેને કેમ વાળવો તે એક મોટી જવાબદારીનું કામ છે. માતા–પિતાની હંમેશા એક જ ચિંતા રહી છે કે પોતાના બાળકને ઉચ્ચ કોટિના સંસ્કાર અને જ્ઞાન મળે. મોટાભાગના બાળકો ધર્મ કરતાં ટી. વી. તરફ વધારે વળેલા હોય છે. આ શિબિરમાં આવીને બાળક ધર્મને માન આપતા શીખે છે. શિબિરનું નામ જ છે કે ફૂલવાડી. આ શિબિરમાં અમે સૌ બાળકોને ફૂલ જ ગણવામાં આવે છે.

માના પરિચયથી જ હું આ શિબિરની ગાથા શરૂ કરું. આપણે સંતો તો ઘણા જોઈએ, પણ ઉચ્ચ કોટિના સંતો ઘણા ઓછા જોઈએ. જેમને જોતાંવેંત જ જીવન ધન્ય બને તેવા ઘણા



ઓછા સંતો હશે. અમે તો તેવા સંતને જોયા જ નથી. તેમનો સ્પર્શ કર્યો છે. તેમના પ્રેમની મધુતા માણી છે, એ વિચારી કેવા ધન્ય છીએ અમે! પૂ. માના શબ્દોમાં કહું તો ફૂલથી પણ કોમળ, વજ્ર જેવી સહનશીલતાવાળાં અને કઠિન. પૂજ્ય શ્રી યોગેશ્વર પ્રભુને તો જોવાનું નસીબ મને નથી સાંપડયું, પણ પૂ. માના સાન્નિધ્યમાં પાછલાં બે વર્ષથી છું. ગયા વર્ષે પણ ફૂલવાડી થઈ હતી. મેં તેમાં પણ ભાગ લીધો હતો. પૂ. માને અમે વર્ષોથી જાણીએ છીએ પણ તેમના સંપર્ક અને સાન્નિધ્યમાં આ ફૂલ-વાડીદ્વારા જ આવવાનું બન્યું.

આ ફૂલવાડીમાં અમે કૂલ ૧૩૫ થી પણ વધારે બાળકો હતાં. પૂ. માનો પ્રેમ દરેક બાળક પર સરખો જ વરસે કે જેથી કોઈની લાગણી ન દુભાય. દરેક બાળક માની ખૂબ જ નજીક છે. મા દરેક બાળકપર ખૂબ જ ધ્યાન આપે છે. માનું નામ સાંભળતાં જ દરેક બાળક અધીરું બની જાય છે. પૂ. માને જોવા પણ બાળકો અધીરાં હોય છે. આમ, તો ૬–૫–૨૦૦૧ થી "ફૂલવાડી ૨૦૦૧" શરૂ થવાની હતી, પણ પૂ. મા ૭ મી એ આવવાનાં હતાં. તેથી આ વર્ષે પણ ગયા વર્ષની જેમ તૈયારી ચાલી રહી હતી. શ્રી વિનોદિનીબેન અને શ્રી સિદ્ધાર્થભાઈના મારફત બધી જ તૈયારી થતી હતી.

ગયા વર્ષની જેમ જ આ વર્ષે પણ ૫ થી ૧૫ વર્ષના બાળકો પાસે બધા બહેનોએ "ફૂલવાડી ૨૦૦૧" કે તેને લગતાં ચિત્રો દોરાવ્યાં. આ ચિત્રોને પૂ. મા જ્યાંથી સીડીઓ ચઢીને પોતાના રૂમમાં જવાનાં હતાં, ત્યાં લગાવવામાં આવ્યાં. સિનીયર–જુનિ-યરવાળા બાળકો કે જેમને એકડો–એક લખતાં પણ ન આવડે તેઓ ફૂલ ને પતંગિયાં જાતે કોઈની મદદ વગર દોરે! તે પૂ. માના આશીર્વાદ વગર અશક્ય છે. ગયા વખતની જેમ આ વખતે

પણ, મેં જ મોટું ચિત્ર તૈયાર કરેલું, જે ચિત્ર પૂ. મા જ્યાંથી સ્વર્ગારોહણમાં પ્રવેશ કરવાનાં હતાં, તે દરવાજા પર જ લગાવ્યું હતું. તે મારું એક સૌભાગ્ય છે. મમ્મીએ કોઇ કામ બતાવ્યું હોત તો ઊંઘ આવે. પણ આ તો પૂ. માનું કામ. ભલે કરતાં ૧ વાગે પણ આંખ મટકુંય ન મારે. વિનોદિનીબહેને અને મેં ઘરેથી જ ફૂલોનાં મ્હોરાં તૈયાર કર્યાં હતાં. દરેક બાળકને તે મ્હોરાં પહેરાવ્યાં. પૂ. મા હમણાં જ આવવાનાં હતાં. દરેક બાળકને આસોપાલવથી ઢાંકી દીધાં. જેથી ફૂલોના છોડજેવું લાગે. અડધો કલાકથી વધુ આસોપાલવમાં રહેલાં બાળકોએ સહેજે ઊંહું પણ નહોતું કર્યું. આસોપાલવ કેટલો ખૂંચે, ખણજ આવે પણ સહેજે ય આહ ન બોલે. અરે, હમણાં મા આવશે, ને જોશે. અમને નહીં ઓળખે. કેટલી મઝા પડશે! આમ, એક પ્રકારની સંતાકૂકડી જાણે અમે પૂ. માની સાથે રમતા હતા.

આખરે, મા આવ્યાં. મા દરેક કુંડાળાને ધ્યાનથી જોઇ આસન પર બેઠાં. પછી બધાંને કીધું. "તમારાં દર્શન આપો. તરત જ બધાએ મ્હોરાં, ખુલ્લા કરી દીધાં. વિનોદિનીબેને બધાને કહ્યું હતું કે તમે સૌ પૂ. માને બોલવા માટે કહેજો, પણ પછી વિનોદિની-બહેને જાતે જ પૂ. માને કહ્યું કે અમે સૌ તમને સાંભળવા માગી-એ છીએ." માએ તરત જ સ્લેટપર લખ્યું કે તમે કોની શક્તિથી બોલો છો? બધાએ કીધું "માની". તો પછી મા જ બોલે છે ને. પછી માએ લખ્યું કે ચાલો કેટલીવાર સાંભળવું છે? કોઇ બોલ્યું ૫ વાર, તો કોઇ બોલ્યું આટલી વાર. પૂ. માએ હાથ જોડી આંખ બંધ કરી. બધાએ તે જ પ્રમાણે કર્યું. અને કોઇ સુરીલી અવાજ બોલી ઊઠી. બધાને લાગ્યું કે પૂ. મા બોલ્યાં, પણ ખરેખર તો ટેપ ચાલુ કરેલી. માને જોતાં જ કરમાયેલાં ફૂલ ખીલી ઊઠયાં.

શિબિરનો કાર્યક્રમ આ પ્રમાણે રહેતો. પ્રથમ પ્રભાતફેરી પછી



પ્રણામ, ધૂન, ત્યારબાદ દૂધ, પછી કલાક રમવાનું. ત્યાર પછી શિબિરનો રસપ્રદ કાર્યક્રમ. સંસ્કૃત, પછી વિજ્ઞાનના પ્રયોગો, પછી રમતો, ક્રાફ્ટ પછી મા સાથે, અને પછી નાટકની તૈયારી, પછી ભોજન અને પછી નાટક, નૃત્ય, વગેરે....

ગઇ વખત જેવો જ કાર્યક્રમ પણ તેમાં સંસ્કૃત અને વિજ્ઞાન-ના વિવિધ પ્રયોગોમાં સૌને રસ પડે. પણ સંસ્કૃત! સંસ્કૃત જેવા વિષયના પિરીયડમાં ૩ થી ૭૩ વર્ષ સુધીના બધાએ ભાગ લીધો. સંસ્કૃતમાં અરૂચિને બદલે સાવ નાના બાળકોની રૂચિ જોઇને, એકદમ આશ્ચર્ય થાય! પણ સાચે જ શ્રી મિહિરભાઇ એટલી સારી રીતે ભણાવતા કે રમતાં રમતાં જ્ઞાન મળે. શાળાના શિક્ષક પણ તેવું ન ભણાવી શકે. વિજ્ઞાનના પ્રયોગો પણ ખૂબ રસપ્રદ હતા.

પૂ. માએ પ્રવાસનું પણ આયોજન કરેલું. પહેલાં તો રીંછડીયા મહાદેવ ગયા હતા. ૫ કિ. મી. જંગલમાંથી ચાલતા ગયેલા, પાછા આવ્યા પણ કોઇને થાક ન લાગ્યો. ત્યાં અમે પર્વતપર ચઢવા ગયા હતાં. ખૂબ મઝા આવી. ત્યાં અમને ધાણી, ખજૂર અને બિસ્કીટ આપ્યાં. જંગલમાંથી આવવા જવાની ખૂબ મઝા પડી. રસ્તામાં રંજનફઇ, અરુણાફોઇ અને તેજસભાઇએ મહાત્માજીના જીવનના પ્રસંગ કહ્યા.

પછી બીજા દિવસે અમે બ્રહ્માપુરી ગયા હતા. ત્યાં રાજીવ-ભાઇએ મા–પ્રભુનું મંદિર બનાવ્યું છે. તેમને પોતાના ઘરને ખૂબ સરસ સજાવી, પૂ. માના અને પ્રભુજીના વિવિધ ફોટા સરસ લગાવ્યા છે. ત્યાં પણ ખૂબ મઝા આવી. મેં બે વાર પ્રવચન આપ્યું. આખો દિવસ બાળકો જોડે પ્રવચન કરાવડાવ્યું.

ફૂલવાડીમાં મને સૌથી વધુ નાટકનો કાર્યક્રમ ગમ્યો. ગઇ વખતે પૂ. માએ બધાને મેડલ આપેલા. આ વખતે લગાવાના સિક્કા આપ્યા હતા. પૂ. માએ અખૂટ પ્રેમ સાથે જમવાની ડીશ,

વોટરબેગ, મેજીક સ્લેટ, નાના પાઉચ, વગેરે આપ્યું. ઉપરાંત આ વગેરેની સાથેનો પૂ. માની સહી સાથેના સર્ટીફીકેટ જેમાં દરેક બાળકનો પોતાનો ફોટા અને અમદાવાદના બાળકોને અમદાવાદના બાળકો સાથે ગ્રૂપ ફોટો. તેવી રીતે દરેક શહેરના બાળકોને છૂટા છૂટા પાડી ગ્રૂપ ફોટા પડાવ્યા. સાંજના નાટકો પણ ખૂબ જ સરસ હતાં. રોજે ગરબા, નૃત્યવગેરે જોવાની અને કરવાની મઝા આવતી. નાની નાની બાળઓના રોજ ગરબા જોવાની મઝા આવતી.

પણ... અંતિમ વિદાયની ઘડી આવે એટલે સૌનું મન ભરાઇ આવે. કોઈને ઘરે જવું ન હોય. દરેક બાળક ખૂબ ઉદાસ થઇને ઘરે જવા માટે નીકળતો. અમે છેક સુધી રહ્યા. અમે પૂ. માની સાથે જ ગાડીમાં અમદાવાદ આવ્યા, તેનો અમને ખૂબ આનંદ છે.

ખરેખર આ ફૂલવાડી દરેક બાળક માટે એક લહાવો બની રહી.

---

પૂ. માની દિવ્ય ઉપસ્થિતિમાં મોરબી ધ્યાનકેન્દ્રના ઉપક્રમે

*** રજતજયંતી ઉત્સવ ***

સ્થળ : વિભૂતિ હોલ, સનાળા રોડ, સરદારબાગ સામે, નવા એસ. ટી. બસસ્ટેન્ડ સામે, મોરબી.

તા. ૩૦/૬/૨૦૦૧, શનિવાર.

સમય : સવારે ૯ થી બપોરે ૧ કલાક.

નોંધ : આ કાર્યક્રમમાં સાધક ભાઈબહેનોને ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ છે. બહારગામથી આગલા દિવસે આવનાર સાધકોને રહેવાની તથા જમવાની વ્યવસ્થા હોલપર કરવામાં આવી છે.



# કઠોપનિષદ

યોગેશ્વરજી

## (૧) નચિકેતાની વાત

કઠોપનિષદની ખ્યાતિ તેની સરળતા, પ્રાસાદિકતા ને તેમાં પીરસેલી જ્ઞાનની સામગ્રીને લીધે ઘણી વધારે છે. આત્મજ્ઞાનની અભિવ્યક્તિ તેમાં બહુ આકર્ષક ને ઉત્તમ રીતે કરવામાં આવી છે. શરૂઆતમાં એક નાનીસરખી વાત શરૂ થાય છે.

અરૂણ નામે એક મહર્ષિ હતા. તે અન્નદાન આપવામાં ખૂબ રસ લેતા હતા. તેમને ઉદ્દાલક નામે પુત્ર હતો. કઠોપનિષદકાળનું અવલોકન કરતાં આપણને સમજાય છે કે મોટા ભાગના ઋષિઓ ગૃહસ્થાશ્રમી હતા, પરિણીત જીવનને ને સ્ત્રીને તત્વજ્ઞાન કે પરમાત્માની પ્રાપ્તિમાં અંતરાયરૂપ માનવાની પ્રથા તે વખતે પ્રચલિત ન હતી. સ્ત્રીનો સાથ સાધનામાં મહત્ત્વનો મનાતો ને સ્ત્રી બધી રીતે મદદરૂપ પણ થતી. સ્ત્રીની અંદર શક્તિનું દર્શન કરીને તેના સહકારથી જીવન ને જગતને વધારે મધુમય ને મંગલમય બનાવવાનું ધ્યેય તે વખતે દરેકની નજર સામે રહેતું. ભારતીય સંસ્કૃતિ ને સાધનાની આ એક નોંધપાત્ર વિશેષતા હતી. તેની તરફ અંગુલિનિર્દેશ કરીને કથા આગળ ચાલે છે કે અરૂણ ઋષિના પુત્ર ઉદ્દાલકે એક વખત વિશ્વજિત નામે યજ્ઞ કરવાની ઈચ્છા કરી. પોતાની ભાવના પ્રમાણે યજ્ઞ પૂરો કર્યો પછી બ્રાહ્મણોને દક્ષિણા આપવા માટે તેમણે ગાયો મંગાવી. પરંતુ ગાયો તદ્દન ખરાબ હતી. યુવાવસ્થામાં તે ગાયો ઘાસ ખાઇ ને પાણી પીને વનમાં વિહાર

કરતી ને ઉત્તમ પ્રકારનું દૂધ આપતી; પરંતુ અત્યારે તે વૃદ્ધ થઈ હતી, નિર્બળ હતી, ને કેટલીક તો બેડોળ પણ બની ગઈ હતી. ઋષિનું આવું દાન પાસે ઊભેલા તેમના નાના બાળક નચિકેતાને જરા પણ ન ગમ્યું. તેથી તેણે વિરોધ કરવાનો વિચાર કર્યો.

નચિકેતાએ કહ્યું : 'પિતાજી, દાન આપવાની સામગ્રી તો ઉત્તમ જોઈએ. સારામાં સારી ને પ્રિયમાં પ્રિય વસ્તુનું દાન આપવાનું સારું કહેવાય છે. તમે તો કનિષ્ટ વસ્તુનું દાન દેવા તૈયાર થયા છો. તમારી પ્રિયમાં પ્રિય વસ્તુ તો હું છું. તો મને તમે કોને આપવાનો વિચાર કર્યો છે?'

નચિકેતાની ઉંમર ઘણી નાની હતી પરંતુ બુદ્ધિ મોટી. મોટા શરીરમાં નાનાં મગજ તેમ નાના શરીરમાં મોટાં મગજ પણ વસતાં હોય છે. નાની ઉંમરના નચિકેતાની વાણીમાં વિવેક અથવા ડહાપણનો રણકાર હતો. પરંતુ તેના પિતાને તે ન ગમ્યો. તેના પિતાની ઉંમર મોટી પણ દૃષ્ટિ ટૂંકી હતી. તે નચિકેતાની શિખામણ સહન ન કરી શક્યા. મોટા માણસોની દશા મોટે ભાગે આવી જ હોય છે. બુદ્ધિનો ઈજારો જાણે તેમણે જ રાખ્યો હોય તેવી તેમની માન્યતા હોય છે. એટલે બહાર બીજેથી નવી ને વધારે સારી હવા આવતી હોય તોપણ તે ગ્રહણ કરી શકતા નથી. પોતાના મનના મકાનમાં બારીબારણાં બંધ કરીને તે બેસી જાય છે. બાળકના શબ્દો સાંભળીને ઋષિ પણ આવેશમાં આવી ગયા ને બોલી ઊઠ્યા કે જા, તને મૃત્યુને આપું છું.

પરંતુ નચિકેતા એમ ક્યાં પાછો પડે તેવો હતો! પિતાનાં વચન સાંભળીને તે તરત યમલોકમાં પહોંચી ગયો ને મૃત્યુના સ્વામી યમદેવતાને મળવાની પ્રતીક્ષા કરવા લાગ્યો. યમદેવતા તે



વખતે ઘરમાં ન હતા તેથી તેણે ત્રણ દિવસ ભૂખ્યા ને તરસ્યા બેસી રહેવું પડયું.

ઉપનિષદની આ વાત પરથી આપણને સહેજે પ્રશ્ન થાય છે કે નચિકેતા યમલોકમાં કેવી રીતે ગયો, અથવા પહેલાંના લોકમાં જુદાં જુદાં લોકોમાં ઈચ્છાનુસાર જવાની શક્તિ હતી કે કેમ! નચિકેતાની ને પુરાણોની બીજી કેટલીક વાર્તા પરથી તો આપણે એમ જ માનવું પડે કે પહેલાંના વખતમાં કેટલાક લોકો ઈચ્છાનુસાર અન્ય લોકમાં જઈ શકતા.

### (૨) નચિકેતાનાં વરદાન

ત્રણ દિવસ પછી યમદેવતા ઘેર આવ્યા ને તેમણે જાણ્યું કે પોતાને ત્યાં એક નાનોસરખો બ્રાહ્મણનો બાળક ત્રણ દિવસથી અન્નજળનો ત્યાગ કરીને ઊભો રહ્યો છે ત્યારે તેમને અપાર દુઃખ થયું. તેમણે તરત કહ્યું : 'નચિકેતા,તું ત્રણ દિવસસુધી ભૂખેતરસે ઊભો રહ્યો છે માટે મારી પાસેથી ત્રણ વરદાન લઈ લે, તું મારી પાસેથી વરદાન લેશે ને એ રીતે મને તારા જેવા પવિત્ર બાળકની સેવા કરવાની તક મળશે ત્યારે જ મને શાંતિ થશે.'

યમદેવના એ શબ્દોમાં ભારતીય સંસ્કૃતિની અતિથિને દેવ માનીને સત્કારવાની ભાવના ઊછળી રહી છે. અતિથિ પોતાને ત્યાંથી ખાલી હાથે પાછો ફરે અથવા પોતાને ઘેર સત્કાર પામ્યાવિના એમ ને એમ ઊભો રહે તે વસ્તુ ભારતના પ્રજાજનને માટે ભારે દુઃખદ મનાતી. યમદેવતા પણ એ જ મહાન પરિપાટીનું પાલન કરતા હોય તેમ દેખાય છે. ભારતવર્ષના એક નાના છતાં ઉત્તમ કોટિના બાળકને સત્કારતાં તેમણે જે શબ્દોનો ઉપયોગ કર્યો છે તે ભારે સૂચક છે.

ને નચિકેતાની સાચી લાયકાતનો પરિચય આપણને હવે મળે છે. નચિકેતા પ્રથમ વરદાનમાં જે માગણી કરે છે તે જાણીને આપણું મન પ્રેમ ને સન્માનના ભાવથી નમી પડે છે. તે કહે છે : 'હું તમારે ત્યાં આવવા નીકળ્યો ત્યારે મારા પિતા ક્રોધે ભરાયેલા ને બેચેન હતા. તમે મારા પર પ્રસન્ન થયા હો તો એવું કરો કે તે તદ્દન શાંત થઇ જાય. ને હું ઘેર જાઉં ત્યારે મારો ખૂબ સ્નેહથી સત્કાર કરે. હે યમદેવ, પ્રથમ વરદાનમાં હું તમારી પાસે આ જ વસ્તુની માગણી કરું છું.'

નચિકેતાની એ માગણીમાં તેનો સંસ્કારી ને વિવેકી આત્મા પ્રકટ થઇ રહ્યો હતો, તેથી યમદેવતા પણ તે જાણીને આનંદ પામ્યા, તેમને આનંદ કેમ ન થાય? માણસો મોટે ભાગે બીજાનું અહિત કરવામાં આનંદ માનતા હોય છે. તેમાંય જો કોઇએ ભૂલેચૂકે પણ પોતાનું કાંઇ બગાડયું હોય તો તેનું વેર વાળવા તેવા માણસો સદાય તૈયાર રહે છે, બીજાના અપરાધની ક્ષમા આપનારા ને બૂરું કરનારનું પણ સારું તાકનારા માણસો આ સંસારમાં બહુ થોડા મળી આવે છે. તેમને મળવાનો અવસર આવે ત્યારે આપણને આનંદ થાય છે. નચિકેતાને મળીને પણ યમદેવને ઘણો આનંદ થયો. નાના બાળકમાં આવું વિશાળ ને નિર્મળ હૃદય જોઇને તેમનું હૈયું ખરેખર નાચી ઊઠયું.

યમદેવે આપેલા બીજા વરદાનના બદલામાં નચિકેતાએ કહ્યું : 'દેવ, સ્વર્ગલોક વિશે ઘણી ઘણી વાતો સંભળાય છે. ત્યાં રહેનારા જીવોને ભય, વ્યાધિ, ભૂખ, તરસ, ઘડપણ કશાની અસર નથી થતી. ત્યાં રાતદિવસ સુખશાંતિ ને આનંદ હોય છે. તો તે લોકની પ્રાપ્તિ કેવી રીતે થાય અથવા તે લોકમાં કેવી રીતે જવાય તે વિશેની માહિતી મેળવાની મારી ઇચ્છા છે. તે માહિતી તમે પૂરી પાડો.'



નચિકેતાની એ જિજ્ઞાસાના ઉત્તરમાં યમદેવે તેને એક વિશેષ પ્રકારના યજ્ઞનું વિધાન બતાવ્યું. તે યજ્ઞમાં કેટલી ને કેવી ઇંટો વાપરવી ને કેવી વિધિ કરવી તે પણ સમજાવ્યું. ઉપનિષદમાં તેની માહિતી આપણને વિસ્તારથી નથી મળતી; નહિ તો સ્વર્ગલોકની સફર કરવા માગતા મુસાફરો તેનો લાભ લઇ શકત. નચિકેતાની જિજ્ઞાસાથી પ્રસન્ન થઇને યમદેવે તે યજ્ઞનું નામ નચિકેતાના નામ સાથે જોડી દીધું. તેમ એક સુંદર માળાની પણ ભેટ આપી.

### (૩) ત્રીજું વરદાન

હવે ત્રીજા ને સૌથી મહત્ત્વના વરદાનની વાત આવી. એ વરદાન ને તેના પરની ચર્ચાવિચારણા જ આ ઉપનિષદનો પ્રાણ કે સાર છે. વિદ્વાનો ને રસિકોમાં તેથી જ આ ઉપનિષદ અગત્યનું મનાય છે. યમદેવના ત્રીજા વરદાનની માગણી કરતાં નચિકેતા શાંતિપૂર્વક પૂછે છે કે 'હે દેવ! મૃત્યુ વિશે વધારે ઊંડાણથી માહિતી મેળવવાની મને ઇચ્છા છે. મૃત્યુ પછી જીવનું શું થાય છે? કોઇ કહે છે કે મૃત્યુ પછી જીવ નથી રહેતો ને કોઇ કહે છે કે રહે છે. તો એ વિશે જે સાચું હોય તે જાણવાની મારી ઇચ્છા છે. વળી એવું જ્ઞાન આપો ને એવો માર્ગ બતાવો કે જેથી અમર બનાય અથવા મૃત્યુંજય થવાય. ત્રીજા વરદાનમાં હે દેવ, હું તમારી પાસે આ જ વસ્તુની માગણી કરું છું.'

નચિકેતા જેવા નાના બાળકને મોઢેથી આવી મોટી ને મહત્ત્વની વાત સાંભળીને યમને નવાઇ લાગી ને આનંદ પણ થયો. પરંતુ આ આખુંય વરદાન યમદેવતાના પોતાના ધંધાપર કાપ

મૂકનારું હતું. મરણ અથવા અમર જીવનનું રહસ્ય યમદેવ નચિકેતાને બતાવી દે તો ઘણા લોકો તેનો લાભ લે. અથવા નચિકેતા પોતે પણ તેની મદદથી તરત અમર બની જાય. એટલે તે રહસ્યને તરત ખુલ્લું કરવાની તેમની ઇચ્છા ન હતી. તેથી તેમણે નચિકેતા પોતાનો આગ્રહ પડતો મૂકે તે સારું તેને ડગાવવાના પ્રયાસ કરવા માંડયા.

યમદેવતાએ કહ્યું : 'ભાઇ, તું જે વિષયની માહિતી મેળવવાની ઇચ્છા કરે છે તે વિષય ઘણો ગૂઢ છે. દેવોએ પણ તેને જાણવાની ઇચ્છા કરી છે. તે વિષયને સારી રીતે સમજાવનારા પુરુષો પણ સંસારમાં દુર્લભ છે. મારા જેવું તે વિષયનું રહસ્ય બીજું કોઇ જાણતું પણ નથી. હજી તારી ઉંમર ઘણી નાની ને વિષય ઘણો ગૂઢ છે. માટે તારો આગ્રહ છોડી દે ને કોઇ બીજું સારું વરદાન માગી લે.'

યમની વાત સાંભળીને નચિકેતાને જરા નવાઇ લાગી. તેણે કહ્યું : 'દેવ, તમે કહો છો કે દેવો પણ આ વિષયને જાણવાની ઇચ્છા રાખે છે. તો તેનો અર્થ એ થયો કે આ વિષય ઘણો મહત્ત્વનો છે. વળી તમારાથી વધારે વિદ્વાન કે જાણકાર પણ બીજો કોઇ મળે તેમ નથી. તો પછી આવો સુભગ સંયોગ ફરી ક્યારે મળવાનો હતો? તમારા જેવા શ્રેષ્ઠ જ્ઞાતા ને મારા જેવો આતુર જિજ્ઞાસુ. માટે જ હું કહું છું કે મને ચલાયમાન કરવાનો જરાય પ્રયાસ કરવાને બદલે મારાપર કૃપા કરો ને જે માહિતીની મેં માગણી કરી છે તે માહિતી મને પૂરી પાડો.'

### (૪) યમનાં પ્રલોભનો

નચિકેતાની જિજ્ઞાસા ને દૃઢતા જોઇને યમદેવ ખરેખર



પ્રસન્ન થયા હતા. પરંતુ જ્ઞાન મેળવવાની તેની યોગ્યાયોગ્યતાની વધારે કસોટી કરવાની ઇચ્છાથી તે તેની આગળ જુદી જુદી દલીલો કરી રહ્યા હતા. નચિકેતાને પોતાની માગણીમાં મક્કમ જોઇને તેની આગળ તેમણે બીજાં મોટાં પ્રલોભનો રજૂ કરવા માંડયાં. તે પ્રલોભનોના પ્રભાવથી કોઇ પણ સાધારણ માણસ ચલિત થઇ જાય ને સત્યના અન્વેષણનો માર્ગ મૂકી દે તેમ હતું. યમદેવતાએ આત્મજ્ઞાનની ઇચ્છાવાળા તે નાના બાળકને ડગાવવાની ઇચ્છાથી કહેવા માંડયું :

'હે નચિકેતા! તારી ઇચ્છા હોય તો સો સો વરસના આયુષ્યવાળા પુત્રો ને પૌત્રોની માગણી કર. ઘણાં પશુ માગ, હાથી, સોનું ને ઘોડા માગ. તારી ઇચ્છા હોય તો મોટું સામ્રાજ્ય પણ માગી લે ને તારું પોતાનું ઇચ્છાપ્રમાણેનું આયુષ્ય માગ. આના જેવું અથવા આથી પણ મોટું કોઇ બીજું વરદાન જોઇતું હોય તો તેની પણ માગણી કર. ધન તથા દીર્ઘજીવન માગ. આ વિશાળ ધરતીનો તું સમ્રાટ થા. તારી બધી પ્રકારની ઇચ્છાઓ પૂરી કરવા હું તૈયાર છું.'

એથી પણ આગળ વધીને યમદેવતા કહે છે : 'આ મૃત્યુલોકમાં સાધારણ રીતે જે વસ્તુઓ અશક્ય જેવી હોય ને જે ઇચ્છાઓની પૂર્તિ મુશ્કેલ મનાતી હોય, તેવી ઇચ્છા પણ તું રજૂ કર ને તેવી વસ્તુની પણ માગણી કર. સુંદર રથ ને વાજિંત્રોથી સુશોભિત એવી આ સુંદર સ્ત્રીઓને તો જો, સાધારણ રીતે મનુષ્યોને આવી ઉત્તમ ને સુંદર લાવણ્યમયી સ્ત્રીઓ નથી મળતી. આ બધી સ્ત્રીઓ હું તારી સેવામાં સમર્પિત કરું છું. તું તેમનો લાભ લે ને તેમની સેવાથી સંતુષ્ટ થા. પરંતુ હે નચિકેતા, મરણના રહસ્યનું જ્ઞાન મેળવવાની વાત મૂકી દે. તે વિશે મને ન પૂછ.'

## (૫) નચિકેતાનો ઉત્તર

ઉપનિષદના આ શ્લોકો ખરેખર સુંદર ને યાદ રાખવા જેવા છે, ને તેથી પણ સુંદર, સ્મરણીય ને મનનીય નચિકેતાએ આપેલા ઉત્તરના હવે પછીના શ્લોકો છે. યમ ને નચિકેતાના સંવાદના આ શ્લોકો તેના ઊંડાણ માટે જ નહિ, પરંતુ તત્ત્વજ્ઞાન, ભાવ, માધુર્ય ને શબ્દલાલિત્ય માટે ખરેખર પ્રશંસનીય છે. પોતાની સરળતા, પ્રાસાદિકતા, ભાવમયતા ને ગંભીરતાથી તે હૃદયમાં ઊંડી અસર કરી જાય છે. તેની છાપ જીવનભર ન મટે તેવી છે. એ શ્લોકોમાં ભારતીય સંસ્કૃતિનું હાર્દ સમાયેલું છે. ઈશ્વરની શોધ, અમર જીવન કે આત્મોન્નતિને માર્ગે આગળ વધતા કે વધવા માગતા સાધકના જીવનમાં કેવાં પ્રલોભનો ને ભયસ્થાનો આવે છે ને સાધકે તેમનાથી કેટલા બધા સજાગ રહેવાની જરૂર છે તેનો ખ્યાલ આ શ્લોકો પરથી સહેજે આવી રહે છે. મોટાભાગના સાધકો આ ને આવી જાતનાં બીજાં પ્રલોભનોમાં પડીને પોતાનો મૂળ માર્ગ ભૂલી જાય છે કે મૂકી દે છે ને આગળ વધતા અટકી જાય છે. પરંતુ આત્મિક વિકાસના સાધકે સતત સાવધ રહેવાની ને નિરંતર વિકાસ કરવાની જરૂર છે. તે વાત હવે પછી આવતા નચિકેતાના સુંદર પ્રત્યુત્તરના શ્લોકોમાં સારી પેઠે સમાયેલી છે. આત્મોન્નતિની ઇચ્છાવાળા સાધકમાં કેવી નીડરતા, મક્કમતા ને આદર્શપરતા હોવી જોઈએ તેની સમજ એ શ્લોકો પરથી સહેજે મળી રહે છે. એ સુંદર શ્લોકોમાં પોતાની સમજ ને પોતાનો દૃષ્ટિકોણ રજૂ કરતાં વિવેકી નચિકેતા કહે છે : 'હે યમદેવ! તમે જે વિષયો કે પદાર્થો કહી બતાવ્યા તે કાયમ માટે રહેનારા નથી. તે નાશવાન અથવા ક્ષણભંગુર છે. વળી તે ઇંદ્રિયોના તેજ ને સામર્થ્યનો નાશ કરે છે. જીવન તો પ્રમાણમાં ઘણું ટૂંકું છે. ચપલાના ચમકારા જેવા એવા



ટૂંકા જીવનમાં માણસ વિલાસ, વૈભવ ને ઇંદ્રિયોના ભોગો પાછળ પડે તો પછી જીવનનો જરૂરી વિકાસ ક્યારે કરે? ડાહ્યા માણસે તો પોતાનો બધો સમય ને પોતાની સઘળી શક્તિ આત્મોન્નતિ માટે વાપરવાનો નિર્ણય કરવો જોઈએ. જેથી ટૂંકા જીવનમાં તે કોઈ મહત્ત્વની સિદ્ધિ મેળવી શકે. માટે તમારાં વાહનો, નૃત્ય ને ગીત તમને જ મુબારક હો. મારે તેની જરા પણ જરૂર નથી.'

નચિકેતાના આ ઉત્તરમાં આત્મજ્ઞાનની તીવ્ર તરસ ને સાંસારિક સુખો તરફની પૂર્ણ ઉપરામતાનું દર્શન થાય છે. ભારતીય સંસ્કૃતિનું હાર્દ પણ તેમાં દેખાઈ આવે છે. જગતમાં જે કાંઈ દેખાય છે, સંભળાય છે કે અનુભવાય છે તે બધું ક્ષણિક, પરિવર્તનશીલ કે નાશવાન છે; તે આજે જે રૂપમાં દેખાય છે તે રૂપમાં ઘડી પછી કે કાયમને માટે નથી રહેતું. તેમાં આસક્ત થઈને માણસે પોતાના જીવનના મૂળ ધ્યેયને ભૂલી જવાની કે મૂકી દેવાની જરૂર નથી. નચિકેતાના ઉત્તરના પ્રથમ શ્લોકના પ્રથમ શબ્દ'શ્વોભાવા'માં આ ભાવ ગર્ભિત રીતે સમાયેલો છે.

આત્મજ્ઞાન કે અમર જીવન અથવા સત્યની શોધની આવી તીવ્ર તરસવિના સાધકને કોઈ નક્કર વસ્તુ કે સિદ્ધિની પ્રાપ્તિ નથી થતી. યમદેવતાનાં મોટાં મોટાં પ્રલોભનોથી પણ નચિકેતા પ્રભાવિત ન થયો તેનું કારણ તેના અંતરની આ તીવ્ર ને અદમ્ય તરસ જ હતું.

પોતાના વિવેક ને દૃઢ નિશ્ચયને રજૂ કરતાં તે આગળ કહે છે : 'હે યમદેવ! સંપત્તિથી માણસને શાંતિ નથી મળતી. અમરતાની પ્રાપ્તિ નથી થઈ શકતી. સંપત્તિની સહાયથી માણસ બહુ બહુ તો સાંસારિક સુખની પ્રાપ્તિ કરી શકે છે; પરંતુ તેથી જન્મ ને

મરણના રહસ્યનો ઉકેલ નથી લાવી શકતો. દીર્ઘ જીવનનું જે વરદાન આપવા તમે તૈયાર થયા છો તે વિશે તો મારે એટલું જ કહેવાનું છે કે તમારી ઇચ્છા હશે ત્યાંસુધી હું આ પરિવર્તનશીલ સંસારમાં શ્વાસ લઇ શકીશ તે નક્કી છે. માટે મને તો કૃપા કરીને મેં જે માગ્યું છે તે જ વરદાન આપો. હે દેવ! તમે અજર ને અમર છો. બધી રીતે માનવનું મંગલ કરવાની તમારી શક્તિ છે. તો તમારી પાસે આવીને તો માણસે ક્ષણભંગુર ભોગોમાંથી મનને પાછું વાળીને જીવનનું શ્રેય કરવાનો જ સંકલ્પ કરવો જોઇએ ને તે સંકલ્પને ગમે તે ભોગે પણ વળગી રહેવું જોઇએ. માટે મને તો મરણ પછીના જીવન વિશે જે સંશય થયો છે તેનું નિવારણ કરતો ઉપદેશ જ આપો. મેં જે વરદાન માગ્યું છે તે જ મને પ્રદાન કરો. બીજા ગમે તેવા મોટા કે નાના વરદાનની મને લેશ-માત્ર પણ ઇચ્છા નથી.'

કઠ ઉપનિષદના આ શ્લોકો ને ભાવો અત્યંત વેધક છે. માનવહૃદયને તે તરત સ્પર્શે છે ને હૃદયસોંસરા ઊતરી જાય છે. કેટલાક માણસો માની બેઠા છે તેમ તેમાં સાંસારિક સુખોને મિથ્યા માનવાની કે અવગણવાની ફિલસૂફીનો સમાવેશ નથી થતો. પરંતુ તેમની વિવેકપૂર્વકની મર્યાદાને યાદ રાખી તેમાં આસક્ત થયાવિના આત્મોન્નતિને ઉત્તમમાર્ગે આગળ વધવાનો સૂર સમાયેલો છે. સાંસારિક પદાર્થો ને ભોગોનો તિરસ્કાર કરવાનો ઉપદેશ ઉપનિષદ નથી આપતું. ફક્ત તેના નશામાં તદ્દન આંધળા ભીંત થઇને જીવન-ના શ્રેયની વાત વીસરી ન જવાય તે માટે સાવધાન કરવા તે લાલબત્તી ધરે છે એટલું જ. આટલી વાત સમજી જવાય તો વૈરાગ્ય-ને ત્યાગને નામે આપણે ત્યાં જે અકર્મણ્યતા ને સંસારના ધિક્કાર-ની વૃત્તિ જાગી ને ફાલી છે તેનો અંત આવશે.



નચિકેતાના શબ્દો સાંભળીને આપણું અંતર આનંદ ને આદરભાવથી નાચી ઊઠે છે. ભારતવર્ષના એ નાના પરંતુ આદર્શ બાળકને માટે આપણા દિલમાં અપાર પ્રેમ ને ઉમળકા ઉછાળા મારે છે. ખરેખર, નચિકેતા આ દેશની સંસ્કૃતિમાં એક અત્યંત ઓજસ્વી ને સુવર્ણાક્ષરે લખાયેલું પાત્ર છે. આ દેશ ને પરદેશમાં જ્યાં જ્યાં ઉપનિષદ ને તેનું જ્ઞાન છે ત્યાં તે અમર છે. આજ સુધી તેણે અનેક માનવહૃદયને પ્રેરણાનું પીયૂષ પાયું, તાજગી ને ઊર્મિ આપી, ને આજે પણ ન જાણે કેટલાંય દિલમાં દીપક બનીને પ્રકાશ પાથરવાનું તેનું કામ ચાલુ હશે. તેની કસોટી કરનાર યમનું મન પણ તેને માટેના માનના ભાવથી ભરાઇ ગયું. એ કસોટી અથવા પ્રલોભનોની પરંપરા જ એવી હતી કે મોટા મોટા ડાહ્યા ને પંડિત પુરુષો પણ તેમાં અટવાઇ ને ફસાઇ જાય; તેમાંના એકાદ બે પ્રલોભનો જ સાધારણ માણસના મોંમાં પાણી લાવવા માટે પૂરતાં હતાં. ત્યારે નચિકેતા તો બાળક હતો. પરંતુ વિવેકની દૃષ્ટિએ તે વયોવૃદ્ધ હોવાથી જ બધાં પ્રલોભનોની પાર પહોંચીને અડગ રહી શક્યો. યમદેવ તેની યોગ્યતા જોઇને તેને શાબાશી કે ધન્યવાદ ન આપે ને તેની આગળ પોતે આપેલા વરદાનને વફાદાર રહીને જ્ઞાનના સાચા રહસ્યને ખુલ્લું ન કરી દે તે બને જ કેમ? માણસ મોટો હોય કે નાનો, તેના જ્ઞાન ને તેની યોગ્યતાની આ દેશમાં હંમેશાં કદર થતી. નચિકેતાની પણ કદર કરીને યમદેવે તેને માટે પ્રશંસાત્મક શબ્દોનો પ્રયોગ કરતાં કહેવા માંડ્યું :

'હે નચિકેતા, સંસારના પ્રિય પદાર્થો ને તેના ઉપભોગની ઇચ્છાને અત્યંત ડહાપણ તથા દુરંદેશીનો ઉપયોગ કરીને તેં છોડી દીધી છે. જેને જીવનનું સર્વસ્વ સમજીને મેળવવા માટે માણસો રાત ને દિવસ રચ્યાંપચ્યાં રહે છે ને આંખો મીંચીને પરિશ્રમ કરે

છે, તે ધન ને સંપત્તિથી તું અંજાયો નથી, ચલિત નથી થયો, ને તેની લાલસામાં ફસાયો નથી. તને કેવળ સત્ય જ્ઞાનની જ ભૂખ છે. તેથી કોઇ પણ કામના તને લલચાવી નથી શકી. મોટા મોટા પંડિતો પણ મૂઢની જેમ અવિવેકી બનીને, ધન ને બીજા પદાર્થો-ના મોહમાં અંધ બનીને, જીવનનું સાચું ધ્યેય ભૂલી જાય છે, ને પોતાને મહાબુદ્ધિમાન માનીમનાવી આ સંસારમાં ફર્યા કરે છે. પરંતુ નાની વય છતાં તું તારા વિવેક ને તારી માગણીમાં મક્કમ રહ્યો તે માટે તને જેટલાં પણ અભિનંદન આપું એટલાં ઓછાં છે. ખરેખર, તારા જેવો સુયોગ્ય જિજ્ઞાસુ મને કોઇ નહિ મળે. હું તને ખરેખર ધન્યવાદ આપું છું. તારો દૃઢ નિશ્ચય જોઇને મારા દિલમાં તારે માટે અપાર માન ઉત્પન્ન થયું છે.' (ક્રમશઃ)

પોતાના માટેના વધારે પડતા, અતિશયોક્તિવાળા, આધારવિનાના તકલાદી કે હવાઇ ખ્યાલોના મોહમાંથી પણ સાધકે બચવાનું જરૂરી છે. યોગેશ્વરજી

દીપક સી. મહેતા
કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડીઓ.
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પલેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત-૩૯૫ ૦૦૧.



શિષ્યની લાપરવાહીપર

# સદ્ગુરુનો આક્રોશ

પૂ. શ્રી મોટા

લાકડાના ઠૂંઠાને અડકીશું તો દાઝવાનાં નથી, પણ સળગતા લાકડાને અડકીશું અને તેને પાસે જઇને અડકીશું એટલે કે સળગતું હશે ત્યાં અડકીશું તો તો દાઝવાનાં જ. તેવી જ રીતે સંસારી **જીવ**કથાના **જીવ**ને છેતરવાનું બન્યું, તેના કરતાં ચેતન-માં જાગેલા **જીવત્મા**ને છેતરવાનું બન્યું, તો તેવા કર્મનો બદલો કેવો મળશે તે આપણે વિચારવાનું છે. એ કશું જતું કરી દઇ શકે તેવો નથી, કારણ કે કર્મના અટલ કાયદાને એ ટોલ્લે મૂકી શકતો નથી તે નિશ્ચય કરીને પ્રમાણવું, માટે પ્રભુકૃપાથી કરી અમારો સંગ કરીને અમને છેતરવાનું બન્યું, અમને બેવફા નીવડવાનું બન્યું, અમારી સાથે પ્રમાણિકપણે વર્તવાનું ન બન્યું, અમારી સાથે નેક દાનત ન રખાઇ, અમારી સાથે જ્ઞાનભાવ ન રખાયો, તો એવા કર્મનું કશું પરિણામ નથી જ આવવાનું એમ માનવાનું નથી. પ્રત્યેક કર્મનું જેમ પરિણામ છે તેમ આનું પણ પરિણામ છે. આ **જીવ** કોઇ પણ **જીવ**ને કહેવા ગયો ન હતો, કે તમે આ **જીવ**ને ગુરુ માનો. તે તે **જીવો**એ પોતાની મેળે તેમ કર્યું છે. અને તેમ કર્યું હોય તો પછી તેમનો તે પ્રમાણે વર્તવાનો ધર્મ પણ છે.

કોઇ **જીવ** સંસારી હોય, પણ જો કોઇ બીજો **જીવ** તેની મા હોય, તો તે **જીવ** પેલા બીજા **જીવ** સાથે મા જેવો જ વર્તાવ કરશેને? કોઇ ત્રીજો **જીવ** પેલા સંસારી **જીવ**ની પત્નીભાવે હશે

તો તેની જોડે તે કંઇ પોતાની દીકરી હોય તેવો વર્તાવ શું કંઇ થોડો કરવાનો છે? તે પ્રમાણે સાધક સંસારી જીવ છે એ કંઇ તેનો ગુરુ સાથેના વર્તાવ માટેનો બચાવ નથી. સંસારી જીવે સદ્‌ગુરુ કર્યા તે સંસારી મટવા કાજે. એણે જો સદ્‌ગુરુ કર્યા તો એણે સદ્‌ગુરુની ભાવના પ્રમાણે વર્તવાનું, જીવવાનું જાગતું રહીને કરવું ઘટે જ. જીવે સદ્‌ગુરુને હૃદયમાં હૃદયથી વફાદાર, પ્રમાણિક અને નેક દિલવાળા રહેવું ઘટે, નહિતર એ બિચારો કયે દિવસે આપણને કહેવા ગયો હતો કે 'ભાઇ! અમને ગુરુ કરો!' રોજ એની આગળ ધૂપ, દીવા, અગરબત્તી પ્રગટાવવાં અને એને કશામાં તો ગણકારવો નહિ એનો ભલા શું અર્થ? શું આપણે બધાં એમ માનીએ છીએ કે એવું બધું આપણું વર્તેલું મિથ્યા થઇ શકવાનું છે? જો આપણે જીવ થઇને બીજા કોઇ સામા જીવથી આપણી અવગણના થતી હોય, તેનાથી આપણું પાછું પડવાપણું બને, તેનાથી કરી આપણી અવહેલના થવાપણું બનવું, તેનાથી કશું પણ આપણને ન ગણકારવાપણું બનવું—તે શું આપણાથી સહન થઇ શકતું હોય છે કે ?આપણને છોકરો હોય, દીકરી હોય તે જો આપણને વફાદાર ન હોય, પ્રમાણિક ન રહેતાં હોય, આપણી સાથે સ્વચ્છંદી રીતે વર્તતાં હોય, તો શું આપણે તેના પર વારી જતાં હોઇએ છીએ કે? આ બધું સમજવાની ઘણી જરૂર છે.

જીવનની સાથે ખેલ કે રમત કર્યે ચાલી શકનાર નથી. તેવી જ રીતે સદ્‌ગુરુ સાથે ખાલી ખાલી ખેલ કે ડોળ કે રમત કરવાનું જીવે મૂકી દેવું પડશે. સદ્‌ગુરુ કરવા હોય તો તેના જીવનની ભાવના પરમાણવી પડશે. તે શું શું માગે છે, તે પ્રમાણે વર્તવાનું જ્ઞાનભાન જગાડી જગાડી તે પ્રમાણે યોગ્યતાથી અને ભાવનાથી



વર્તવાનું કર્યા કરવું પડશે. જો તેમ ન બની શકતું હોય, તો પછી તેને કૃપા કરી નેવે મૂકવો તે વધારે શ્રેયસ્કર છે. 'ગુરુ', 'ગુરુ' ગણવા અને ગુરુ તો કશામાં લેખે જ ગણાતા ન હોય એવી તો આપણી રહેણીકરણી હોય, એ તો એના જેવું થયું કે મહેમાનને નોતરું આપી જમવાને નોતર્યા અને એને ઘેર બોલાવીને જમાડીએ નહિ અને આપણે તો ભર્યે ભાણે જમીએ, જો એવું થાય તો પેલા બિચારા નોતરેલા જીવને કેવું લાગે! તેવું જ આપણે સદ્‌ગુરુની બાબતમાં કરતાં અને વર્તતાં હોઇએ છીએ. આપણી આ પ્રકારની વર્તણૂક તે બેવફાપણાની છે. તેને છેતરપીંડી કરવાથી આપણને જ ગેરલાભ છે એનું આપણને સાચું જ્ઞાન નથી, નહિતર આપણે તે પ્રમાણે વર્તતાં ન હોત. ગુરુ ન કરવા તે બહેતર છે, પણ જો કર્યા હોય તો તેને જીવનવિકાસની ભાવનાના હેતુ અર્થે યથાયોગ્યપણે સંભાળવાની જરૂર છે.

શ્રીભગવાનને માની જેમ રાજીપાની મનોદશામાં રહેવાપણું કે ન રહેવાપણું તો કશું જ નથી, પરંતુ આપણી એને સાદ પાડવામાં ઘણી ઘણી કચાશ હોય છે. આપણાં કરણોમાં એટલો બધો મેલ-કચરો ભર્યો પડયો હોય છે, કે તેવા આધારનાં કરણોમાં એને પ્રગટાવવાની એવી પ્રમાણિક તાકાત ક્યાંથી હોય? વળી આપણને જ્યારે આપણી તેવી સ્થિતિ ઘણી ઘણી સાલતી હોય, ડંખ્યા જ કરતી હોય, તેવી દશામાં રહેવાયાં કરવામાં ક્યાંયે જરા પણ ચેન ન પડયાં કરતું હોય, તેવું જો સાચેસાચ આપણું થયા કરતું હોય, તેવી વેળા આપણે જો એને પ્રાર્થના હૃદયથી કરતા હોઇએ, તો એ પોતે હાજરાહજૂર છે.

આ જીવની તેવી તેવી દશા કેટલીયે વાર પ્રગટયાં કરેલી અને ઉપર જણાવેલી તેવી દશા થતાં તેણે હૃદયમાં હૃદયથી તેની

પ્રાર્થનાઓ કરેલી છે. તે વેળા તેની કૃપામદદ મળેલી તેણે અનુભવેલી છે. તેથી કરી આજે પ્રભુકૃપામદદથી તમને, બધાં મળેલાં સ્વજનોને તથા જગતને, ખુલ્લો જાહેર પડકાર કરી જણાવું છું કે, અળસિયાંની પેઠે જીવવાનું છોડીને મરદની જેમ જીવવાનું કરી જોઇ, જીવનવિકાસની સાધનાના ભાવમાં બેધડક-પણે પ્રભુકૃપાથી બસ ઝંપલાવો. સાધનાના કર્મમાં એવાં તો એકાગ્ર અને કેન્દ્રિત બની જાઓ, કે તે પછી ઉપર જણાવી છે તેવી દશા થતાં એને પોકારી જુઓ. એ તો પોતે હાજર બેઠેલો જ છે. માત્ર આપણે હાજર થઇને બેઠાં થવાનું છે. આપણને હજી કશાની પડેલી જ નથી. સાધનાના ભાવમાં પ્રબળપણું પ્રગટ્યા-વિના અંતરનાં કરણોની શુદ્ધિ કેમ કરીને થઇ શકવાની? જીવન-માં જે બાબતનું સાચેસાચું ઘણું મહત્ત્વ પ્રગટી જાય છે, તે તરફનું મોં થઇ જતું આપણે જાણેલું છે.

ભગવાનનું નામસ્મરણ એ તો એક સરળ સહજ નાનકડું સાધન છે. તે પણ હજી સુધી કોઇથી યોગ્ય રીતે બની શકતું નથી, અને આપણે નીકળ્યાં છીએ હિમાલયનો પહાડ ચડવા! આપણે બાથ ભરવી છે તો આકાશને અને એક નાનકડી બે ફૂટની જગા-ને તો બાથ ભરી શકાતી નથી! મને તો આપણાં બધાંના ફતવા જોઇને દિલમાં એક પ્રકારની ઘણી ઘણી દિલગીરી થાય છે. માણસોને કંઇ કશું કરવું નથી, અને ખાલી ખાલી કશીક મહત્તા મેળવવાના ફાંફાં મારવાં છે! તે છતાં પાછું પોતાને હોંશિયાર ગણવાની તુમાખી રાખવી છે, અનેક પ્રકારના ફાંફા રાખવા છે અને અહમ્‌ને તો હિમાલયના કરતાંયે મોટું રાખ્યાં કરવું છે! આવી બધી હકીકત હું સ્વજનના દિલમાં જોઉં છું. કોઇને જીવનની ખરેખરી પડેલી હું અનુભવી શકતો નથી. 'જીવન',



'જીવન'ની ખાલી બૂમો પાડવાથી તે કદી પણ પામી શકાવાનું નથી. જીવન પામવાને માટે તો ભારે આંતરિક તપશ્ચર્યાની જરૂર છે. અને તેવો તપ કરવાનો ઉમળકો કોઇ સ્વજનના દિલમાં હું નિહાળી શકતો નથી.

ત્યારે ભલાં! તમે બધાં નીકળ્યાં હતાં શું કરવા? કોણે તમને બોલાવ્યાં હતાં? અને જો તમે તમારી મેળે આવ્યાં છો, તો જે કામ કરવાને માટે આવ્યાં હો, તેને માટે સાવધ થાઓ, જીવન-વિકાસ તો માગી લે છે આકરામાં આકરો, ઊંચામાં ઊંચી કોટિનો પ્રચંડ પુરુષાર્થ, જીવનવિકાસ એ કંઇ રસ્તામાં પડેલું, અથડાતું અફળાતું, એવું કોઇ ફૂલબૂલ નથી કે જે નીચા વળીને લઇ લઇએ. એ તો મળતાં જેવું લાગે ત્યારે પણ પાછું ઊડીને આઘું જઇને કેવી ભભકદાર રીતે આકર્ષણ પમાડી પમાડીને આપણને આકર્ષ્યા કરતું હોય છે. અને દૂર ને દૂર દેખાય છે! આવા પ્રકારનો જીવનવિકાસ પામવાને માટે વણનોતર્યાં તમે બધાં મારી પાસે આવ્યાં છો. અને જીવનનો ઘાટ ઘડવાનો અધિકાર તમે બધાંએ પ્રેમથી મને સોંપ્યો છે. ઘાટ કેમ કરીને યોગ્ય રીતે ઘડી શકાય તેનો નિર્ણય તો પ્રભુકૃપાથી મારે કરવાનો હોય. અનેક વેળા મેં જાતે ખાતરી કરી કરીને અનુભવ્યું છે કે જીવનવિકાસને માટે આમ કરવાની કે તેમ કરવાની કોઇક જીવને સૂચના કરી હોય, તેમાં પણ તેવા કોઇ જીવે પ્રેમભક્તિથી અને દિલના ઉમળકાથી આમ કે તેમ, કોઇ જાતનાં વલણો જન્માવ્યાં દીધાવિના તેને ઉમળકાથી સ્વીકારી લીધું હોય, એવું હજી સુધી અનુભવવામાં આવ્યું નથી. આવી હકીકત એ જરૂર જીવનની કમનસીબી છે.

આપણી ખરેખરી તૈયારી પ્રગટેલી નહિ હોવા છતાં મનની તુમાખી અને તેના તરંગોના જુદા જુદા ઘોડાઓ નિહાળતાં

નિહાળતાં આપણો જીવ કેવો પામર છે! પોતાને થવું છે કંઈક, પણ કરવું નથી કંઈ જ, એવી આપણી દશા છે એમ જોઈને ઘણો ખેદ થાય છે. માનવી પોતાને અમુક અમુક કરવું છે એમ કહે છે ખરો, પરંતુ તેમ કરવામાં પણ તેનું દિલ પ્રગટેલું પ્રભુકૃપાથી હું જોઈ શકતો નથી. પોતાને થવું છે તો સંપૂર્ણપણે સ્વચ્છ. તેમ છતાં વારંવાર દુર્ગંધથી ભરેલા એવા કાદવકીચડમાં અવારનવાર માનવી રગદોળાયા કરે છે અને વળી પાછું તે પોતે સ્વચ્છ હોવાનુ ગુમાન ધરાવે છે. આ બધું જ્યારે પ્રભુકૃપાથી નીરખાય છે, ત્યારે મને મારા ગુરુમહારાજ યાદ આવે છે. તેમણે મને કૃપા કરીને દંડો આપવાનું કર્યું હતું, પરંતુ મેં મૂર્ખાએ તે સ્વીકાર્યો નહિ. પોતે જરૂર સાચા હતા અને હું પોતે તે ન સ્વીકારવામાં ખોટો હતો. તે દંડો પ્રભુકૃપાથી જો મારી પાસે હોત તો મળેલાંની તુમાખીને દંડા મારી મારીને વિખેરી શકાત, પરંતુ આવા પ્રકારની જુદા જુદા પ્રકારની તુમાખીને તોડવાને માટે દંડો એકલો પણ બસ નથી. નકામા નકામા મારી પાસે કોઈ ન આવત, તે પણ ઉત્તમ થાત. આ તો લોક આવ્યા છે પોતાની મેળે, અને કરવું કારવવું તો કશું નથી! પોતાનાં મનાદિકરણોને પાંશરાં કરવાનું તો નેવે મૂકવું છે! તેના કરતાંયે તેમનાથી કરી વિશેષમાં વિશેષ જે ત્રાસ મને થાય છે, તે તો તે બધાં સ્વજન વિશેષમાં વિશેષ તેમનાં મનાદિકરણોને બગાડતાં રહે છે તેથી, અનેક પ્રકારનાં મળ, વિક્ષેપ અને આવરણને હઠાવવાનાં છે, ત્યાં તેઓ તેમાં ઉમેરો જ કરતાં રહે છે! કોઈકનામાં કોઈક સમજણ, માન્યતા, મતાગ્રહ વગેરે વગેરે કંઈક મોળું પડવાનું થાય, ત્યાં તેને ઠેકાણે કોઈક બીજા પ્રકારનું એવું પ્રગટે છે કે તેની તેની પકડ પાછી જામતી જાય છે. જૂનું જાય અને નવું આવે અને તે પણ ઘર કરી ન બેસે, તેની પણ ઘણી ઘણી કાળજી રાખવાની હોય છે.



સ્વજનનાં મનાદિકરણોની રમત પ્રભુકૃપાથી જ્યારે જ્યારે નજર સમક્ષ પ્રવર્તે છે, ત્યારે તેમાં નથી જોઈ શકતો દિલનો થનગનતો પ્રેમભાવ કે નથી જોઇ શકતો કોઇ પ્રકારની નિર્ણયશક્તિ કે નથી પરખાતી જીવનને ઉન્નયન કરવાની સાચી ધગશ. આવું બધું મારાથી સહેવાતું નથી. આ તો જાણે કે તમે મને સુખ આપવાને બદલે ભારે ત્રાસ આપી રહ્યાં છો અને પાછું તેનું પણ તમને ભાન હોતું નથી કે થતું નથી. આપણે પોતાની મેળે થઈને કોઈકને સદ્‌ગુરુ તરીકે સ્વીકાર્યા, તો તે સદ્‌ગુરુને આપણાં વર્તનથી કરી, આપણી ભાવનાથી કરી તેને પૂર્ણ સંતોષ આપવાનો આપણો ધર્મ છે. પણ તે તો બધું ક્યાંય ઊડી જતું હોય છે. હજી તો જીવનને ઊંચે માર્ગે લઇ જવું છે, એમ આપણે બોલીએ છીએ, પણ એવા લોકના રાગદ્વેષ હજી તો પૂરેપૂરા મોળા પડેલા હું અનુભવી શકતો નથી. ત્યાં મારે કરવું શું? જડ જેવા પથ્થરની સાથે માથું અફાળતાં આપણને પોતાને જ માથામાં વાગવાનું છે, તેના જેવી આ હકીકત છે. માનવીના દિલને જે લાગે છે, તે લાગે છે. જે જાતનું લાગે છે, તે જાતનું લાગે છે. માનવીનું દિલ જડ પથ્થર જેવું નથી તે હકીકત છે. છતાં તેનું બદલાવું, એક સ્થિતિમાંથી બીજીમાં પલટાવી જરાની ક્રિયામાં પલટાવું, અને એવી રીતે પલટાવાના સાધનમાં મંડયા રહેવું, એ તો માગી લે છે દૃઢ, મક્કમ નિર્ધાર. વીજળીની સારડી કઠણમાં કઠણ વસ્તુઓમાં સાર પાડવામાં કામયાબ નીવડે છે. એવી રીતે સર્વ કંઈ બનવાને શક્યતા છે, પરંતુ માનવી તે પ્રકારનું દિલ કરીને તેમ કરવા માંડે ત્યારેને? ખાલી ખાલી ઉધામા કર્યા કર્યેથી અને નહિ જેવો પ્રયત્ન કર્યે કરવાથી કશું ન વળે. (સાભાર–'ભગતમાં ભગવાન'માંથી)

# અધ્યાત્મનો અર્ક

યોગેશ્વરજી

**પ્રશ્ન :** ઘરડા માણસને પણ મરવાની ઇચ્છા નથી થતી તેનું શું કારણ હશે?

**ઉત્તર :** ઘરડા કે જવાન કોઇએ માણસને મરવાનું ક્યાં ગમે છે? દરેક માણસ વધારેમાં વધારે જીવવાની ને બને તો કાયમને માટે અમર રહેવાની ઇચ્છા રાખે છે. આમાં જીવનથી કોઇ પ્રકારે કંટાળેલા થોડાક માણસો અપવાદરૂપ છે. ને આ વૃત્તિથી આશ્ચર્ય પામવાની જરૂર નથી. તેમ જ તેને ખોટી કે હીન કહેવાની પણ જરૂર નથી. કેમ કે માણસના સ્વભાવમાં જ આ વૃત્તિ રહેલી છે. દરેક માણસ વધારેમાં વધારે સુખ કે આનંદ માણવાની ઇચ્છા કરે છે. બીજું, વધારેમાં વધારે જાણવાનું પણ તેને મન થાય છે. સૃષ્ટિનું રહસ્ય જાણવાનું, ભાવિ જાણવાનું, વિગેરે કેટલીય જાતનું જ્ઞાન મેળવવાનું માણસ ઇચ્છે છે. ને વધારેમાં વધારે જીવવાની ઇચ્છા પણ તે રાખે છે. આ વૃત્તિઓનું કારણ પણ એ જ છે કે પોતે સત્યસ્વરૂપ એટલે જેનો કોઇ દિવસ નાશ નથી એવો, જ્ઞાન–સ્વરૂપ ને આનંદ સ્વરૂપ છે. આત્માને મુખ્યત્વે આ ત્રણ લક્ષણ-વાળો કહેલો છે. એટલે માણસ પોતે મૂળભૂત રીતે સચ્ચિદાનંદ હોઇ જીવનમાં સચ્ચિદાનંદ બનવાની એટલે કે અવિનાશી કે જ્ઞાન-સ્વરૂપ થવાની અભિલાષા તે હંમેશ જાણ્યેઅજાણ્યે પણ સેવે છે.

**પ્રશ્ન :** તો પછી અમર બનવાનો–મૃત્યુને મારી હઠાવવાનો કોઇ માર્ગ છે?



**ઉત્તર :** જરૂર છે. ભારતના મહાન યોગીપુરુષો ને આત્મનિષ્ઠ ઋષિવરો જેમણે હજારો વર્ષ પહેલાં આત્મા ને પરમાત્મા વિશે સાધના કરીને અનુભવો મેળવ્યા છે, તે મહાન પુરુષો મૃત્યુને મારવાની સમસ્યામાં સફળ થયા છે, ને કોઇ પણ જાતના ભેદ-ભાવવિના સમગ્ર માનવજાતિને માટે અમર બનાવાની કૂંચી મૂકતા ગયા છે. આ માટે ભારતીય સંસ્કૃતિ ગૌરવ લઇ શકે તેમ છે. આજે પણ ઋષિમુનિની પુત્રી જેવી એ સંસ્કૃતિ સમગ્ર સંસારને અમૃતમય થવાનો માર્ગ ચીંધતી એવા જ ગૌરવપૂર્ણ વદને ઊભી રહી છે. માનવની અંદરની ચેતનાનું અનુસંધાન કરી આ સંસ્કૃતિએ અનુભવનાં અમૂલ્ય મોતી આપણી આગળ ધર્યાં છે. પણ આપણે એ માર્ગે ક્યાં જઇએ છીએ? નહિ તો ભારતીય સંસ્કૃતિના વારસદાર થઇ આપણે જ આવા પ્રશ્ન કરત? એ સંસ્કૃતિને જીવનમાં પચાવી નથી એટલે જ આપણી દીનતા ટકી રહી છે. અહીંયા આ જ કડવાશ, અશાંતિ ને પ્રજાપ્રજા વચ્ચે ઠંડા યુદ્ધના ઝેરની જ્વાળા ફેલાઇ રહી છે. આની દવા એક જ છે. ભારતીય સંસ્કૃતિના વેરને બદલે પ્રેમના, નિષ્કામ કર્મ ને સેવાના, ઈશ્વરના હાથમાં પોતાને હથિયાર માનવાના ને આત્મદર્શનથી સાધનાના અમૂલ્ય સિદ્ધાંતોને જીવનમાં ઉતારવામાં આવે તો દુનિયામાં આજે તંદુરસ્ત હવા ફેલાઇ જાય, ને શાંતિ સ્થપાઇ શકે. ભૌતિક વિકાસની સાથે સાથે આધ્યાત્મિક ઉત્કર્ષની આ દિશાને આચર્યાવિના દુનિયા આજે શાંતિ કે ઉત્કર્ષ સાધી શકવાની નથી. અત્યારે તો અમર બનવાના પ્રશ્નોનો ઉડતો વિચાર કરીએ.

મૃત્યુને હઠાવવાનો કે જીતવાનો એક માર્ગ ઈશ્વરના ચરણોમાં પ્રેમ વધારી ઈશ્વરને મેળવવાનો છે. આ ભક્તિમાર્ગ છે. આ ઉપરાંત બીજો માર્ગ યોગનો છે. યોગમાર્ગદ્વારા શરીર, મન ને

પ્રાણનો જય કરીને યોગી મૃત્યુંજય બની શકે છે. ઇચ્છાનુસાર શરીર ધારી રાખે છે કે બદલે છે અથવા ઇચ્છા પ્રમાણે જીવે છે. પોતાની પ્રકૃતિ પ્રમાણે ફાવે તે માર્ગે આ માણસ આ કામ કરી શકે છે, ભારતના ઘેરંડઋષિ, મત્સ્યેન્દ્રનાથ ને બીજા નાથ સંપ્રદાયના યોગીઓએ આ વિશે મહાન સાધના પ્રણાલિનો નિર્દેશ કર્યો છે. ને હઠયોગમાં આનો વિચાર ખૂબ સૂક્ષ્મતા ને સ્પષ્ટતાથી બુદ્ધિમાં ઉતરી શકે તે રીતે કરેલો છે. ભગવાન પતંજલિનું યોગદર્શન પણ આનો દસ્તાવેજી પુરાવો છે. તે ઉપરાંત આજે પણ આવા બડભાગી યોગી પુરુષો છે.

પણ આ માર્ગમાં ખૂબ દૃઢ મનોબળ, ધીરજ ને લાંબા પરિશ્રમની જરૂર પડે છે. વળી કડક નિયમ પાલન પણ કરવું પડે છે. દુર્બળ મનના માણસોને આ ફાવતું નથી. તેમને તો સંસારના વિષયોમાં જ પ્રીતિ હોય છે. તે ઊંચા પ્રકારની ભક્તિ પણ કરી સકતા નથી કે સમાધિદ્વારા આત્મદર્શન પણ મેળવી શકતા નથી. તેમને માટે અમૃતત્ત્વનો માર્ગ બંધ છે. આજે તો માણસો નાની નાની વાતોમાં કૃતાર્થ થઇને બેઠા છે. છોકરાને જુવાન વહુ મળી, ઘરમાં છોકરાનો જન્મ થયો એટલે જગ જીત્યાજેવું લાગે! થોડા રૂપિયા થયા, બંગલાને મોટર થઇ, ભોગ–વિલાસ મળ્યા કે ૪૦૦–૫૦૦ વીઘા જમીન મળી અથવા તો માસ્તરની નોકરી મળી કે વકીલ–દાક્તર થયા એટલે જીવન ધન્ય ધન્ય થઇ ગયું. એમ માની લેવાની વૃત્તિ ઘણાં માણસોમાં હોય છે. પણ ઈશ્વરને તેની કૃપારૂપ બધી સંસિદ્ધિ ને મુક્તિ કે પરમ શાંતિ આગળ આનું મૂલ્ય શું છે?

જે અવિનાશી છે તે ઈશ્વરની આગળ સંસારના ક્ષણિક પદાર્થોનું મહત્ત્વ શું છે? ઈશ્વરની કૃપા સૌથી વિશેષ છે. ત્રિલોકનું સામ્રાજ્ય હોય, સૃષ્ટિનો તમામ ધનભંડાર ને વિલાસનાં બધા જ



સાધન હોય, પરંતુ ઈશ્વર ના હોય ને વિનાશનો અચલ નિયમ શિરપર સદાને માટે કામ કરી રહ્યો હોય, તો તે શું કામનું?

માનવશરીર અમૃતમય થવા માટે જ છે. આ શરીરમાં તે માટે બધી જ શક્યતા પડેલી છે. પમ માણસને તે માટે ઇચ્છા કે લગની ક્યાં છે? સંસારના બધા પદાર્થો પરથી મનની વૃત્તિ હટી જાય ને ઈશ્વરના ચરણોમાં લાગે ત્યારે જ ઈશ્વરની કૃપાનું કામ થાય એમ છે.

આ માટે દિલમાં ખૂબ અસંતોષ જગાવવાની જરૂર છે. આ અસંતોષ દુઃખી થવા માટે જગાડવાની જરૂર નથી, પણ ઈશ્વર જેવી અમુલખ વસ્તુ–અમૃતપટ જેવી મોંઘેરી વસ્તુ પ્રામ કરવા જગાડવાનો છે.

એનો અર્થ એમ નથી કે સંસાર ને તેના પદાર્થો નકામા છે, ને જીવનનું કોઇ મૂલ્ય નથી. એવી નિષેધક ફિલસૂફીમાં આપણે રાચવું નથી. આપણે તો સંસારના પદાર્થોમાં રહીને જીવનના સર્વસ્વ એવા ઈશ્વરને મેળવી લેવાનો છે.

સંસારના રંગરાગમાં આપણે એટલી હદે ડૂબી પણ નથી જવાનું કે ઈશ્વરથી આપણે છેક વિમુખ થઇ જઇએ. આ માટે આપણે સંસારને જ સર્વ કાંઇ માની તેમાં કૃતકૃત્ય થવાની ભાવનાથી ચેતતા રહેવાની જરૂર છે.

પરદેશના ગ્રાહકોને અધ્યાત્મ ન મળવા અંગેની કોઇ ફરિયાદ હોય તો તેઓએ શ્રી વિનોદભાઇ પટેલ, અમેરિકાને નીચેના ફોન નંબર ઉપર જણાવવી:–

૨૦૧ ૮૬૧ ૬૮૧૦

— તંત્રી

# રામકથા

(એપ્રિલ-૨૦૦૧ થી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

એમણે એને મહર્ષિના જીવનની કેટલીક વાતો કહી બતાવી.

એ સાંભળીને એને મહર્ષિને માટે પ્રેમ અને પૂજ્યભાવ પેદા થયો.

સીતાના સંપર્કથી વાલ્મિકીના જીવનમાં એક નવા અધ્યાયનો ઉમેરો થયો.

એમના અંતરમાં કરુણા છવાઇ ગઇ.

એક દિવસ સાંજે એ પોતાના શિષ્યો સાથે તમસાના તટ પર સાયંસંધ્યા કરવા નીકળ્યા.

એ વખતનું વાતાવરણ ઘણું સુંદર, શાંત અને હૃદયંગમ હતું.

મહર્ષિએ શિષ્યોને ઉદ્દેશીને કહ્યું : 'આવા વાતાવરણમાં વેર-ભાવને ભૂલીને બધા જીવો પ્રેમથી વિચરણ કરે છે, મૃગ તથા સિંહ સાથે રમે છે, સાપ તથા નોળિયા ભેગા થઇને ક્રીડા કરે છે, અને આખી યે પ્રકૃતિ શાંતિ તથા સ્નેહનો સંદેશો પૂરો પાડે છે. આવું વાતાવરણ કોના અંતરને અસર ન પહોંચાડે?

પરંતુ એટલામાં તો એમની સામે જ એક કરુણ બનાવ બન્યો. એ જોઇને એમનું અંતર વ્યથિત થઇ ગયું.

એમને થયું કે વાતાવરણની અસર સૌના પર થઇ પરંતુ માનવ પર ન થઇ. માનવ એ વાતાવરણથી અલિપ્ત રહ્યો ને



પશુથી પણ બદતર બન્યો. જે સર્વનો રક્ષક હતો તે ભક્ષક બની બેઠો.

થોડેક દૂર એમની દૃષ્ટિ પડી તો તમસા નદીના સુંદર તટ પર સારસ પક્ષીનું એક જોડું વિહાર કરી રહેલું. પોતાની આજુબાજુ-ની દુનિયાને ભૂલીને એ સારસ પક્ષીઓ કામના આવેગથી અભિભૂત થઇને ક્રીડા કરીને આનંદનો આસ્વાદ લઇ રહેલાં. એ એક પ્રકારની ઊંડી ભાવસમાધિમાં મગ્ન હતાં, અથવા કહો કે સ્નેહના સામ્રાજ્યનું સુખ માણી રહેલાં. પરંતુ એમની એ સમાધિ તદ્દન આકસ્મિક રીતે જ તૂટી ગઇ, અને એમના સ્નેહસામ્રાજ્યનો અંત આવ્યો.

સુસવાટા કરતું એક બાણ એક સારસ પક્ષીના શરીરમાં વાગી જવાથી એ સારસ પક્ષી કરુણ ચિત્કાર કરીને ધરતી પર ઢળી પડયું. એને મરેલું જોઇને બીજું સારસ પક્ષી પણ જીવંત ન રહી શક્યું. એને ચિરવિયોગની વેદનામાં એણે પોતાનું શરીર છોડી દીધું.

જે કુદરત થોડા જ વખત પહેલાં સુંદર, શાંત અને સુખદ લાગતી'તી તે ભયંકર ભાસવા માંડી.

મહર્ષિ વાલ્મિકીનું હૃદય એ કરુણ, અતિ કરુણ, દૃશ્યને દેખીને રડવા લાગ્યું.

એમના રોમેરોમમાં કરુણાની રાગરાગિણી શરૂ થઇ.

એમણે બાણની દિશામાં જોયું તો એક પારધિ ઊભો હતો. એના હાથમાં ધનુષ્ય હતું.

એ મરેલાં સારસ પક્ષીની પાસે આવવા માંડયો એટલે એને

નિહાળીને વાલ્મિકીની વેદના વધી ગઈ.

પેલું જીવલેણ બાણ એણે જ મારેલું.

વાલ્મિકીના અંતરમાં એને જોઈને ભારે મંથન શરૂ થયું.

એ મંથનના પરિણામે એમના મુખમાંથી એકાએક ઉદ્‌ગાર નીકળી પડ્યા :

'મા નિષાદ પ્રતિષ્ઠાં ત્વમગમઃ શાશ્વતીઃ સમાઃ,
યત્ક્રૌંચમિથુનાદકં અવધીઃ કામમોહિતમ્.'

'હે હિંસક નિષાદ, તને અનંતકાળ સુધી ઉત્તમ ગતિ કે શાંતિ ના મળો. કારણ કે કામવાસનાથી મોહિત થયેલા ક્રૌંચ પક્ષીના જોડામાંથી એકનો તેં વધ કર્યો છે.' એ એનો ભાવ હતો.

અનુષ્ટુપ છંદમાં અવતાર પામેલી એ કરુણ કવિતા–પંક્તિ મહર્ષિના મુખમાંથી એકાએક નીકળી પડી. એ સંસારના આદિકવિ થયા.

એમનો અભિશાપ સાંભળીને નિષાદ ધ્રૂજવા લાગ્યો.

મહર્ષિને પગે પડીને એ ભારે કરુણ સ્વરે બોલ્યો : 'પ્રભુ, તમે મને બહુ મોટો શાપ આપી દીધો.'

'તારા અપરાધના પ્રમાણમાં એ શાપ છેક જ સાધારણ છે.' વાલ્મિકીએ જણાવ્યું.

'મારો અપરાધ? મેં તમારો એવો એકે અપરાધ નથી કર્યો જેને માટે તમારે મને શાપ આપવો પડે !'

'આ સારસ પક્ષીને તેં નથી માર્યું? સમસ્ત સંસારની સાથે હું આત્મીયતાનો અનુભવ કરું છું એટલે એ અપરાધ એક રીતે મારો જ છે.'



'પરંતુ પક્ષી તો મારો આહાર છે. એને મારવાથી કોઈ જાતનો અપરાધ નથી થતો.'

'બિલકુલ નહિ. તું વિવેકને ભૂલી ગયો છે, માટે દંડને પાત્ર જ છે. કામમોહિત પક્ષીનો વધ કરવો એ અપરાધ જ છે. ઘોર અપરાધ.'

'એનો નિર્ણય તમે કેવી રીતે કરી શકો? અને એ પણ આટલો જલદી? મારા કર્મનો કે બીજા કોઈના ય કર્મનો ન્યાય કરવાનું તથા તેને માટે પુરસ્કાર આપવાનું કે દંડ દેવાનું કામ તમારું નથી, પરમાત્માનું છે. તમારે તો નિર્વૈર તથા તટસ્થ બની, સર્વે પ્રાણીઓ પર પ્રેમભાવ રાખીને, પરમાત્માની આરાધનામાં જીવન પસાર કરવાનું છે. શાપ કે વરદાન દેવાની પ્રવૃત્તિમાં નથી પડવાનું.'

'નિષાદ, તું વધારે પડતું ને વગર વિચાર્યું બોલે છે.'

'બિલકુલ નહિ. હું જે બોલું છું તે ઠીક જ બોલી રહ્યો છું જો મારી વાતમાં વિશ્વાસ ન હોય તો જુઓ પેલાં સારસ પક્ષીને. તમે એમને મારા હાથે મરાયેલાં માનો છો પરંતુ એ મરેલાં છે કે નહિ તેની ખાતરી કરી લો.'

વાલ્મિકીને નવાઈ લાગી. એમણે કહ્યું : 'એ તો મરેલાં જ છે, અને તેં માર્યા છે એમાં ફરીવાર જોવા જેવું છે જ શું?'

'છતાં જુઓ તો ખરા. નિષાદ પોતાની વાતને વળગી રહ્યો : મેં એમને નથી માર્યાં.'

વાલ્મિકીએ કુતૂહલવશ જોયું તો બંને સારસ પક્ષી જીવતાં હતાં ને તમસાના તટ પર પહેલાંની ઉદ્‌ગાર કાઢ્યો : 'આ શું?

આ તો જીવતાં છે!'

'હું એ જ કહેતો'તો. કાળે એમને મારેલાંને કાળે એમને ઉગારી લીધાં. કાળના સ્વામી પરમાત્માની એ લીલા છે. જીવન અને મરણના પ્રદાતા એ જ છે. માનવ તો કેવળ નિમિત્તરૂપ છે.'

'તું કોઈ સાધારણ નિષાદ નથી લાગતો.'

'હું ભગવાન શંકર છું.'

'શંકર?'

'હા. ભગવાન શંકર.'

નિષાદના શરીરમાંથી પ્રકાશનાં કિરણો ફૂટી નીકળ્યાં.

એનું આખુંયે સ્વરૂપ ફરી ગયું.

(ક્રમશઃ)


શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમ જ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ००૭

ફોન : ૨૨૮૨૩૧


## * સંયમ *

આજના યુગમાં વિલાસીતા વધતી જાય છે ત્યારે સંયમી જીવનનું મહત્ત્વ ઓછું આંકવાનો સંભવ છે. સ્વચ્છંદી જીવનમાં માનનારાં સ્ત્રી–પુરુષોને સંયમનું મૂલ્ય નહીં જેવું લાગવાનો સંભવ છે. તોપણ તેના મહત્ત્વ ને મૂલ્યમાં તેથી કાંઈ ફેર પડતો નથી. સંપૂર્ણ સંયમ સાધારણ માણસોને માટે મુશ્કેલ છે એ વાત સાચી, પરંતુ તેથી વિલાસ ને સ્વચ્છંદતાના બચાવ કરવામાં જરાય ડહાપણ નથી રહ્યું. સાધારણ માણસોએ અતિ સંયમ ને અતિ વિલાસ બંનેની વચ્ચેના મધ્યમ માર્ગને અપનાવવો જોઈએ ને ધ્યેય તરીકે વિલાસને બદલે સંયમની જ પસંદગી કરવી જોઈએ. ક્રમે ક્રમે તે ધ્યેયની સિદ્ધિ માટે પ્રયાસ પણ કરવા જોઈએ. પરંતુ જે સાધકો હોય તે તો વિલાસને બદલે સંયમનું જ વ્રત લઈ લે. કેમ કે ઊંચી કોટિની આત્મોન્નતિની સાધના સંયમના પાલન વિના ભાગ્યે જ થઈ શકે. ઈશ્વરદર્શનની ભાવના કે આકાંક્ષા પણ તેના વિના અધૂરી જ રહે. જે આળસુ અને એદી છે, અશ્લીલ ચિત્રો જુએ છે, ઈન્દ્રિયોને ઉત્તેજનારાં પુસ્તકો વાંચે છે, ને કુસંગ કરે છે, તેને માટે સંયમનું પાલન આકાશને અડવા જેવું અશક્ય બની રહેવાનું. પણ જે સદ્‌ગ્રંથોના વાચનમાં ને સત્સંગમાં રસ લે છે તથા ખાનપાનમાં શુદ્ધિ ને સાત્ત્વિકતા સાચવવાની ચીવટ રાખે છે તેને માટે તે મુશ્કેલ હોવા છતાં ઈશ્વરની કૃપાથી સહેલું થઈ પડવાનું. પ્રભુની પ્રાર્થનાનો આધાર લેવાથી પણ માણસનો માર્ગ મોકળો થઈ જાય છે.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

## * વિવેકની જ્યોતિ *

પર્વતના પંથની પેઠે જીવનનો પંથ પણ સદાને માટે સરળ, સીધો ને સાફ હોય છે એમ નથી. પર્વતના સાધારણ પંથ કરતાં જીવનનો પંથ વધારે જટિલ ને રહસ્યમય હોય છે. તેના પર સફળતાપૂર્વક પ્રવાસ કરવાનું કામ અજાણ્યા માણસને માટે મુશ્કેલ છે. તેમાં અનેક વળાંકો, પગદંડીના ભ્રમણામાં નાંખી દેનારા નાના મોટા માર્ગો ને પ્રલોભનથી ભરેલાં દૃશ્યો આવે છે. કોક ઠેકાણે ચઢાઈ તો કોક ઠેકાણે ઉતરાઈ પરથી ચાલવું પડે છે. છાયા ને તાપના મિશ્રિત અનુભવમાંથી પસાર થવું પડે છે. તે પંથના પ્રવાસીએ કેટલીક વાર કાંટા ને કાંકરામાંથી માર્ગ કરીને આગળ વધવું પડે છે. કેટલીક વાર સપાટ તો કોઈ વાર પથરીલી જમીનનો અનુભવ કરવો પડે છે. પરિણામે કોઈ વાર હર્ષ તો કોઈ વાર શોકની છાયા તેના હૃદયમાં ફરી વળે છે. કોઈ વાર મધુર તો કોઈ વાર કટુ ભાવનો અનુભવ કરતી ને કોઈ વાર રાગ તો કોઈ વાર દ્વેષની અસર નીચે આવતી તેની જીવનયાત્રા આગળ ને આગળ ચાલ્યા કરે છે. અનેકવિધ દૃશ્યોવાળી ને કડવા–મીઠા અનુભવથી ભરેલી એ જીવનયાત્રામાં આગળ વધનારા વિવેકી પુરુષે બધી દશામાં વિવેકની જ્યોતિને જાગ્રત રાખતાં શીખી લેવાનું છે. તેની મદદથી પ્રતિકૂળ અને અનુકૂળ બધા પ્રકારની પરિસ્થિતિમાં ચિત્તની સ્થિરતા ને શાંતિ જાળવી રાખવાની છે. બહારના આઘાત–પ્રત્યાઘાતથી પર રહેવાની કળામાં પારંગત થવાનું છે. સંસારમાં અલિપ્ત રહીને આત્મોન્નતિ કરવાની છે. તો જ જટિલ પંથનો પ્રવાસ પરિપૂર્ણપણે સફળ થઈ શકે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાન:–પ્લોટ નં. 1688 બી. સરદારનગર, ભાવનગર–1.